dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 260 | AD - 2025, Jeth Vad - 14 | Tuesday, Dt.24-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ભારે વરસાદને કારણે શહેરની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી

સુરતમાં આભ ફાટ્યું : ૧૦ ઇંચ વરસાદથી શહેર જળબંબાકાર

સુરત,તા.૨૩

સુરત શહેરમાં છેલ્લા ૨૪ કલાકથી ધોધમાર વરસાદ યથાવત્ રહેતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. અડાજણ, એલપી સવાણી રોડ, કેનાલ રોડ, ડભોલી અને સિંગણપોર સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જતા સ્થાનિક રહેવાસીઓ તેમજ વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

શહેરની કેટલીક શાળાઓ પાસે પાણી ભરાઈ જતા વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી હતી. વાલીઓ બાળકોને ખભે બેસાડીને ઘરે લઈ જવા મજબૂર બન્યા હતા. જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે તમામ શાળાઓમાં બપોર પાળીની રજા જાહેર કરવામાં આવે છે. સવારની પાળીમાં હાજર રહેલા બાળકોને ઝડપથી ઘરે પહોંચાડવા માટે શાળાઓને સૂચના આપવામાં આવી હતી. અત્યાર સુધીના મુખ્ય વરસાદી વિસ્તારોમાં સુરતના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ નોંધાયો છે. જેમાં ઉત્તર અને પશ્ચિમ સુરતના અડાજણ,



રાંદેર, વરાછા, કતારગામ અને કાપોદ્રા વિસ્તારમાં ભારે વરસાદથી સડકો પર પાણી ભરાઈ ગયા હતા. મધ્ય સુરતના મહિધરપુરા, મજુરાગેટ અને અઠવાગેટ વિસ્તારોમાં પણ વરસાદી પાણીના કારણે વાહન વ્યવહાર માટે મુશ્કેલી જોવા મળી હતી. દક્ષિણ અને પશ્ચિમી સુરતના વિસ્તારો જેમ કે વેસુ, પીપલોદ, પાર્લે પોઇન્ટ, સિટી લાઇટ, તેમજ પાંડેસરા, ઉધના અને ખટોદરામાં પણ સતત વરસાદ વરસતા અને નાળાઓ છલકાતા નજીકના વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ ઊભી થઈ છે. આ તમામ વિસ્તારોમાં સ્થાનિક રહેવાસીઓએ પાણી ભરાવા અને વાહન વ્યવહાર માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેનાલ રોડ, ડભોલી અને સિંગણપોર વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાતા વાહનચાલકોને ખાસ કરીને ટુવ્હીલ ચલાવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલીક કોલોનીઓ અને બજારોમાં અંધારપટ જેવી સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગ દ્વારા આગાહી આપવામાં આવી છે કે આગામી ૭ દિવસ સુધી દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. સ્થાનિક પ્રશાસન અને NDRF ટીમોને સતર્ક રાખવામાં આવી છે.

ખેડબ્રહ્મામાં ૧૫ ઇંચ વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત : ૧૦ પશુના મોત

રાજ્યમાં હાલ લગભગ મોટાભાગના વિસ્તારોમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. હવામાનની આગાહી પ્રમાણે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. જો આપણે સાબરકાંઠા જિલ્લાની વાત કરીએ તો અહીં ખેડબ્રહ્મા પંથકમાં સરેરાશ ૧૫ ઇંચ જેટલો વરસાદ ખાબકતાં અત્ર-તત્ર-સર્વત્ર પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. આ તરફ હવે ભારે વરસાદને કારણે કૃષિપાકને ભારે નુકસાનની સંભાવના છે. આ સાથે નીચાણવાળા વિસ્તારો પણ જળમગ્ન બન્યા છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મા વિસ્તારમાં ગતરાત્રિએ વ્યાપક વરસાદ નોંધાયો હતો. વિગતો મુજબ અહીં ૧૫ ઇંચ જેટલો વરસાદ ખાબકતા સ્થાનિક કક્ષાએ પારાવાર સમસ્યાઓ ઊભી થઈ છે. આ સાથે ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા,ગલોડીયા તેમજ રોઘરા ગામે ભારે વરસાદને કારણે વ્યાપક તારાજી સર્જાઇ છે. રોઘરા ગામે ૭૦૦ એકર જેટલી જમીન ઉપર ખેતી નિષ્ફળ જવાની સંભાવનાઓ છે તો બીજી તરફ ૧૦ જેટલા પશુઓના મોત થયા છે.

૪ રાજ્યોની પાંચ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, આપની જીત

ન્યુ દિલ્હી,તા.૨૩

ચાર રાજ્યોની ૫ વિધાનસભા બેઠકો પરની પેટાચૂંટણીના પરિણામો આવી રહ્યા છે. વિસાવદર બેઠક પરથી આપના ઉમેદવાર ગોપાલ



ઈટાલિયાએ ૧૭૫૫૪ મતોથી જીત મેળવી છે. તેમણે ભાજપના ઉમેદવાર કીર્તિ પટેલને હરાવ્યા છે. કડી બેઠક પર ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાએ કોંગ્રેસના ઉમેદવાર રમેશભાઈ ચાવડાને ૩૮,૯૦૪ મતોથી હરાવ્યા છે. કેરળમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)ના ઉમેદવાર આર્યદાન શૌકતનો વિજય થયો છે. તેમણે CPI(M)ના ઉમેદવાર એમ. સ્વરાજને ૧૧૦૭૭ મતોથી હરાવ્યા છે. પંજાબની લુધિયાણા પશ્ચિમ બેઠક પરથી આપના ઉમેદવાર સંજીવ અરોરાએ ૧૦૬૩૭ મત મેળવીને જીત મેળવી છે. કોંગ્રેસના ભારત ભૂષણ આશુ બીજા ક્રમે રહ્યા હતા. બીજી તરફ, પંજાબની લુધિયાણા પશ્ચિમ બેઠક પર AAP ઉમેદવાર આગળ ચાલી રહ્યા છે. આ ઉપરાંત, પશ્ચિમ બંગાળની કાલીગંજ બેઠક પર TMC ની જીત થઈ હતી.

પોલીસે પહેલગામ હુમલાના આતંકીઓના જાહેર કરેલા સ્કેચ ખોટા હોવાનું ખુલ્યું



પહેલાગામ,તા.૨૩

આતંકવાદીઓને મદદ કરનાર બંને આરોપીએ NIAને જણાવ્યું હતું કે, ૨૦ એપ્રિલની રાત્રે ત્રણેય આતંકવાદીઓ અમારા ઘરે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે ભોજન, પૈસા અને કોઈને પણ જાણ ન કરવાની ધમકી આપી હતી. આ હુમલા બાદ જમ્મુ-કાશ્મીર પોલીસે જે ત્રણ સંદિગ્ધ (હાશિમ મૂસા, અલી ભાઈ ઉર્ફ તલ્હા અને આદિલ હુસૈન ઠોકર) આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા હતા તે ખોટા છે. વાસ્તવમાં હુમલામાં સામેલ આંતકવાદીઓમાંથી એકનું નામ સુલેમાન શાહ છે. જેણે ગત વર્ષે એક સુરંગ પર આતંકી હુમલો કર્યો હતો. આ હુમલામાં સાત મજૂરોના મોત થયા હતા. સુલેમાનના સાથીદાર જુનૈદ રમઝાન ભાટ ૪ ડિસેમ્બરના રોજ માર્યો ગયો હતો. તેના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી પહેલગામ હુમલાના હુમલાખોરોની ઓળખ થઈ છે. NIA અને કેન્દ્રીય એજન્સીઓએ હુમલા બાદ ત્રણ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા હતા. જો કે, પરવેઝ અને બશીરે તે હુમલાખોરો ન હોવાનું જણાવ્યું છે. તેમણે જુનૈદના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી આતંકવાદીની ઓળખ કરી છે. તેઓ કાશ્મીરી નહીં પણ પાકિસ્તાનના નાગરિક છે.











સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
મંગળવાર, તા.૨૪-૦૬-૨૦૨૫

માત્ર સુડાવડમાં ભાજપને ૮ મત વધુ બાકી ત્રણેય ગામડાઓમાં આપને લીડ

અમરેલી જિલ્લામાં આવેલ વિસાવદર વિધાનસભાના ચાર ગામોમાંથી મળેલ મત

અમરેલી, તા.૨૩




તાજેતરમાં વિસાવદર-ભેંસાણ વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ હતી. વિસાવદર વિધાનસભામાં અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના શાપર, સુડાવડ, લુંધીયા અને કડાયા ગામનો સમાવેશ થાય છે. સરકારી કામ માટે બગસરા તાલુકો આ ગ્રામ્ય વિસ્તારો માટે મહત્વનો છે પરંતુ હજુ આ ગામોના મતદારો ધારાસભા અને સંસદની ચૂંટણી માટે જૂનાગઢ જિલ્લામાં આવે છે. બગસરા તાલુકાના આ ગામડાઓ હોવાથી ભાજપના આગેવાનો દ્વારા ખાટલા બેઠક, ડોર ટુ ડોર સંપર્ક પણ કરવામાં આવ્યો હતો. આમ છતાં વિધાનસભાની પેટાચૂંટણીમાં ગ્રામજનોએ ભાજપને જાકારો આપ્યો છે. બગસરા તાલુકામાં સમાવેશ થયેલા અને વિસાવદર વિધાનસભામાં મતદાન કરનાર ચાર ગામડાઓમાં થયેલી મતદાનની ટકાવારી પણ નજર નાખીએ તો તમામ ગામડાઓમાં આપનું ઝાડું ફરી વળ્યું હતું. ઝાડું સામે કમળ અને પંજો બંને કચડાઈ ગયા હતા.

ગામ	આપ	ભાજપ	કોંગ્રેસ
કડાયા	૨૩૦	૧૪૨	૦૬
શાપર-૧	૩૯૨	૨૨૮	૨૨
શાપર-૨	૩૩૩	૧૮૮	૧૨
સુડાવડ-૧	૧૬૯	૧૯૬	૨૩
સુડાવડ-૨	૧૫૮	૧૩૯	૧૬
લુંધીયા-૧	૩૩૮	૨૧૫	૧૮
લુંધીયા-૨	૨૪૮	૧૯૨	૨૭

અમરેલીના કલેક્ટર અજય દહીયાની પંચમહાલ બદલી

નવા કલેકટર તરીકે વિકલ્પ ભારદ્વાજની નિમણૂંક

અમરેલી,તા.૨૩



અમરેલીના કલેકટર તરીકે ફરજ બજાવતા કલેકટર અજય દહીયાની પંચમહાલના કલેકટર તરીકે બદલી કરવામાં આવી છે. આઈએએસ અજય દહીયાની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. અજય દહીયાને પંચમહાલના કલેકટર તરીકે મુકવામાં આવ્યા છે. જયારે અમરેલીના કલેકટર તરીકે વિકલ્પ ભારદ્વાજની નિમણૂક કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા વિસાવદર-કડીના પરિણામો જાહેર થયા બાદ તાત્કાલિક અસરથી કલેકટરની બદલી જાહેર કરવામાં આવી છે. કલેકટર અજય દહીયા ચાર્જ છોડતાની સાથે જ વિકલ્પ ભારદ્વાજ કલેકટર તરીકે ચાર્જ સંભાળશે તેમ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

વિસાવદર પેટાચૂંટણીમાં AAPની જીતની લાઠીમાં ભવ્ય ઉજવણી કરાઈ

લાઠી, તા.૨૩



૮૭-વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP) ની ભવ્ય અને પ્રચંડ જીતની ઉજવણીના ભાગરૂપે સોમવારે લાઠી વિધાનસભા વિસ્તારમાં ઉત્સાહભેર કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણીમાં આમ આદમી પાર્ટી, અમરેલી જિલ્લાના મહામંત્રી શૈલેષભાઈ ભાદાણી, શહેર પ્રમુખ ધીરુભાઈ ડેર અને ઉપપ્રમુખ જગદીશભાઈ દેથલીયાની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા. કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને જોરશોરથી સૂત્રોચ્ચાર કરીને આ પ્રચંડ જીતને વધાવી લીધી હતી. આ ઉજવણીએ લાઠીમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં નવો ઉત્સાહ ભર્યો હતો.

લીલીયા મોટા ખાતે પેન્શનર સમાજની બેઠક યોજાઈ

લીલીયા મોટા,તા.૨૩



લીલીયા મોટા ખાતે ઉમિયા માતાજીના મંદિરે લીલીયા તાલુકા પેન્શનર સમાજની બેઠક યોજાઈ હતી. આ બેઠક અમરેલી જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ રાજુભાઈ મહેતાના અધ્યક્ષસ્થાને મળી હતી. કાર્યક્રમનો પ્રારંભ ઉમિયા માતાજીની પ્રતિમા વંદના અને દીપ પ્રાગટ્યથી થયો હતો. લીલીયા તાલુકા પેન્શનર સમાજના પ્રમુખ બાબુભાઈ ધામતે આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા અને સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તાજેતરમાં અમદાવાદ ખાતે થયેલી વિમાન દુર્ઘટનાના મૃતકો અને લીલીયા પેન્શનર સમાજના દિવંગત સભ્યો બળવંતભાઈ દવે, વિનુભાઈ માઢક અને નાથાભાઈ પોલરાને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાઈ હતી. રાજુભાઈ મહેતા સહિતના હોદેદારોએ ઉપસ્થિત પેન્શનરોને વિવિધ સરકારી યોજનાઓ અને લાભ વિશે માહિતગાર કર્યા હતા.

વિસાવદર વિધાનસભાની ચૂંટણીમાં ગોપાલ ઈટાલીયાની જીત થતાં બાબરામાં ખુશી

બાબરા,તા.૨૩



વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. સમગ્ર રાજયમાં વિસાવદરની પેટાચૂંટણી પર સૌની નજર હતી. મુખ્યમંત્રી સહિત મોટા ગજાના નેતાઓએ ભાજપ ઉમેદવાર કિરીટ પટેલને જીતાડવા એડીચોટીનું જોર લગાવ્યું હતું. ચૂંટણીમાં આપના ગોપાલ ઈટાલીયાની જીત થતા બાબરા શહેરમાં આપના કાર્યકરોએ નાગરિક બેન્કમાં એકત્ર થઈ મોં મીઠા કરી ફટાકડા ફોડી ગોપાલ ઈટાલીયાની જીતની ઉજવણી કરી હતી.

મચ્છરજન્ય રોગને અટકાવવા આરોગ્ય વિભાગની લોકોને અપીલ

અમરેલી, તા.૨૩

દર વર્ષે જૂન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. ચોમાસાની ઋતુ શરૂ થઈ છે. મચ્છરથી થતાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગને ફેલાતા અટકાવવા માટે અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. જિલ્લાના નાગરિકો પણ આ અંગે જાગૃત બને, મચ્છરના ઉપદ્રવના સ્થાનોને નિયંત્રિત કરે તે જરુરી છે. માદા એનોફિલીસ મચ્છર મેલેરિયાનો ફેલાવો કરે છે, જે મોટેભાગે રાત્રે કરડે છે. માદા એડીસ મચ્છરથી ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ઝીકા વાયરસ ફેલાય છે.

આ તમામ મચ્છરજન્ય રોગને અગાઉથી જ ફેલાતા અટકાવવા માટે મચ્છર ઉત્પતિ અટકાવવી જરૂરી છે.

અમરેલી સનાતન ધર્મ મહિલા સમિતિ દ્વારા મંદિરોમાં સાફ-સફાઈ અભિયાન

અમરેલી, તા.૨૩



અમરેલી સનાતન ધર્મ મહિલા સમિતિ દ્વારા શહેરમાં આવેલા વિવિધ મંદિરોમાં સાફ-સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. રવિવારના રોજ સનાતન ધર્મ સમિતિની મહિલાઓએ રાજમહેલ કમ્પાઉન્ડમાં આવેલા નાગદેવતા મંદિરમાં સાફ-સફાઈ કરી હતી. આ સાફ-સફાઈમાં સનાતન ધર્મ સમિતિના ભાઈઓએ પણ સહકાર આપ્યો હતો. શહેરના વિવિધ મંદિરોમાં સાફ-સફાઈ કરવામાં આવશે તેમ સમિતિના મહિલા પ્રમુખ હિરલબા વાળાએ જણાવ્યું હતું.

સાવરકુંડલા-અમરેલી રોડ પર ઓળીયા નજીક ભુવો પડતા અકસ્માતનો ભય

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લામાં સવારથી વરસી રહેલા વરસાદને કારણે સાવરકુંડલા-અમરેલી નેશનલ હાઈવે પર ઓળિયા નજીક એક મોટો ભૂવો પડ્યો છે, જે વાહનચાલકો માટે અકસ્માત સર્જે તો નવાઈ નહી. આ મુખ્ય હાઈવે પર દિવસ-રાત નાના-મોટા વાહનોની અવરજવર રહે છે. મુખ્ય માર્ગ પર ભુવો પડ્યો હોવાથી કોઈ ગંભીર અકસ્માત ન થાય તે માટે જાગૃત વાહનચાલકોએ ઝાડની આડશ મૂકી છે. મુખ્ય માર્ગ પર એટલો મોટો ભુવો પડયો હોવાથી આ ગંભીર ઘટનાને ધ્યાને લઈ તંત્ર દ્વારા તાત્કાલિક માર્ગ રિપેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ ભારે વરસાદથી પ્રભાવિત ગામોમાં નુકસાનીનો તાગ મેળવ્યો

સાવરકુંડલા,તા.૨૩



સાવરકુંડલા તાલુકામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી અતિવૃષ્ટિની પરિસ્થિતિને પગલે, ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સોમવારે હીપાવડલી, મેકડા, ફિફાદ, આકોલડા, ઘોબા અને પીપરડી ગામોની મુલાકાત લીધી હતી. ભારે વરસાદને કારણે થયેલી નુકસાનીનું નિરીક્ષણ કરવાનો, અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય પહોંચાડવા અને રાહત કામગીરી ઝડપથી થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ધારાસભ્ય કસવાલાએ ગામોમાં ફરીને પાણી ભરાવાના કારણે થયેલા નુકસાન, ખેતીવાડીને થયેલી અસર અને સ્થાનિક રહીશોની સ્થિતિનું બારીકાઈથી અવલોકન કર્યું હતું. તેમણે અસરગ્રસ્ત પરિવારો સાથે વાતચીત કરીને તેમને શક્ય તમામ મદદની ખાતરી આપી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૬૬, E-mail: carcarerushi@rediffmail.com





ધારીના ગોપાલગ્રામ ગામે યુવક પર દીપડાએ હુમલો કરતાં ફફડાટ

ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે દવાખાને ખસેડાયો

અમરેલી,તા.૨૩

ધારી તાલુકાના ગોપાલગ્રામના સીમ વિસ્તારમાં એક યુવક પર દીપડાએ હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. આ હુમલામાં બકુલભાઈ ચીમનભાઈ પારગી નામના



યુવકને પગ અને કમરના ભાગે ઈજાઓ પહોંચી છે. દીપડાએ કરેલા હુમલા બાદ ઈજાગ્રસ્ત બકુલભાઈને તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર માટે લાવવામાં આવ્યા હતા. તેમની સ્થિતિને ધ્યાનમાં રાખીને, વધુ સારવાર અર્થે તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા અમરેલી ખસેડવામાં આવ્યા છે. જે વાડી વિસ્તારમાં આ ઘટના બની હતી તેના માલિક દ્વારા વન વિભાગને આ અંગે જાણ કરવામાં આવી છે. દીપડાના હુમલાને પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી રહી છે.

કુંકાવાવ ખાતે વ્રજ વિદ્યાલયમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

કુંકાવાવ, તા.૨૩

કુંકાવાવ ખાતે ૨૧ જૂનના રોજ વ્રજ વિદ્યાલયમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળા પરિવારે રાજ્ય સરકારના આયોજન મુજબ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. શાળાના પ્રાર્થના હોલમાં વિદ્યાર્થીઓ અને યોગ શિક્ષક દ્વારા વિવિધ યોગાસનો કરવામાં આવ્યા હતા.



શાળાના આચાર્ય વિવેકભાઈ દીક્ષિતે જીવનમાં યોગના મહત્વ વિશે વિસ્તૃત સમજ આપી હતી. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા અને પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈએ કાર્યક્રમના સફળ આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

સંસ્થાના ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયાએ કાર્યક્રમના સફળ આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પંકજભાઈ, કૌશિકભાઈ મકવાણા, કેતનભાઈ આસોદરિયા અને શાળાના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

મનિષ સંઘાણીના જન્મદિનની વિવિધ સેવાકાર્યો સાથે ઉજવણી કરાશે

અમરેલી,તા.૨૩



ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના જન્મદિનની સેવાકાર્યો સાથે ઉજવણી કરાશે.

કાર્યકર્તાઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં "સેવા હિ પરમો ધર્મ"ને સાર્થક કરતા ગાયોને લીલો ઘાસચારો, શ્રમજીવીને ભોજન, શિક્ષણ કીટનું વિતરણ, નિરાધાર વડીલોને ભોજન, બાળકોને ભોજન જેવા વિવિધ સેવાકાર્યો દ્વારા જિલ્લા ભરમાં યુવા નેતા મનીષ સંઘાણીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે.

સાવરકુંડલા ગુરુકુળ દ્વારા કન્યા કેળવણી અંતર્ગત નિઃશુલ્ક નોટબુક વિતરણ કરાયું

સાવરકુંડલા, તા.૨૩



શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્ય ઘનશ્યામદાસજી સ્વામીજી અને પૂજ્ય શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી સ્વામીની પાવન સ્મૃતિમાં, ગુરુકુળમાં અભ્યાસ કરતી કે.જી.થી ધોરણ ૧૨ સુધીની તમામ દીકરીઓને પ્રથમ સત્ર માટે નિઃશુલ્ક નોટબુક (ચોપડા) સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંસ્થાના વડા પૂજ્ય ભગવતપ્રસાદદાસજી સ્વામીજી અને સંસ્થાના પ્રમુખ પૂજ્ય શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામીના રૂડા આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સમગ્ર આયોજન સંસ્થાના કોઠારી અક્ષરમુક્ત સ્વામીજી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ગુરુકુળના તમામ વિભાગના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય કિસાન સંઘ-અમરેલીના પ્રમુખપદે સામતભાઈ જેબલીયાની કરાઈ વરણી



અમરેલી,તા.૨૩

ભારતીય કિસાન સંઘ-અમરેલીની બેઠક મળી હતી. આ બેઠકમાં ત્રણ વર્ષ માટે જિલ્લાની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સામતભાઈ જેબલીયાની વરણી કરવામાં આવી હતી જયારે મંત્રી તરીકે વિનુભાઈ દુધાત અને કોષાધ્યક્ષ તરીકે અશોકભાઈ હિરાણીની વરણી કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કોલેજોની NCC ગર્લ્સ કેડેટ્સની કેમ્પમાં ઝળહળતી સિદ્ધિ

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ તેમજ કે.કે. પારેખ કોમર્સ કોલેજ – અમરેલીના સંયુક્ત NCC યુનિટની કેડેટ્સે પાલિતાણાના વાળુકડ મુકામે યોજાયેલા CATC કેમ્પમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. આ કેમ્પમાં કુલ ૩૦ NCC ગર્લ્સ કેડેટને અલગ-અલગ સંસ્થાઓના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન શિસ્ત, અનુશાસન અને ડ્રીલની ખાસ તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ સ્પર્ધાઓમાં ગાર્ડ ઓફ ઓનરમાં દ્વિતીય સ્થાન, ક્વિઝ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન, શૂટિંગમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન, ગ્રુપ સોંગમાં પ્રથમ સ્થાન તથા ડ્રામા ગ્રુપમાં પ્રથમ નંબર મેળવી અમરેલી શહેરની કોલેજોનું ગૌરવ વધાર્યું છે. NCC ઓફિસર લેફ્ટનન્ટ મનીષાબેન સાગઠીયાએ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કેમ્પ દરમિયાન પ્રો. મનીષાબેન સાગઠીયાએ ડેપ્યુટી કેમ્પ કમાન્ડર તરીકેની ભૂમિકા પણ ભજવી હતી. કેમ્પ સિનિયર તરીકે કેડેટ્સ જમોડ ખુશીની પસંદગી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, વિદ્યાસભાના નિયામક ડો. ગિરીશ ભીમાણી, વી.એન. પેથાણી, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. જી.વી. વેલિયત તથા સમગ્ર સ્ટાફ તરફથી શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

દામનગર કન્યા વિદ્યાલય ખાતે "મેરા યુવા ભારત કેન્દ્ર અમરેલી" દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી

દામનગર,તા.૨૩



ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત "મેરા યુવા ભારત કેન્દ્ર અમરેલી" દ્વારા ૨૧મી જૂન, ૨૦૨૫ના રોજ "આંતરરાષ્ટ્રીય યોગ દિન" નિમિત્તે દામનગરની કન્યા વિદ્યાલય ખાતે યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય "મેરા યુવા ભારત કેન્દ્ર અમરેલી" માંથી પધારેલ પ્રવીણભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રવીણભાઈ જેઠવાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કન્યા વિદ્યાલય દામનગરના આચાર્ય મહેન્દ્રકુમાર બી. ઓઝા, એન. વાય.વી. જયદીપ કે. ચૌહાણ અને ભૌતિક ચૌહાણનું પણ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ શાળાની બહેનોને યોગ ગુરુ જયદીપ ચૌહાણ દ્વારા સૂર્ય નમસ્કાર સહિત વિવિધ યોગાસનો કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે યોગ દિવસનું લાઈવ પ્રસારણ પણ શાળાના વિદ્યાર્થીઓને મોટા સ્ક્રીન પર બતાવવામાં આવ્યું હતું, જેથી તેઓ વૈશ્વિક સ્તરે થઈ રહેલી ઉજવણીથી પરિચિત થઈ શકે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોદાણી ભદ્રેશભાઈ, દીપ્તિબેન ત્રિવેદી, જયદીપ ચૌહાણ અને ભવદીપ ચૌહાણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર

ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી



3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.

રાધેશ્યામ નગરી

સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી

રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર

ઉપલબ્ધ સુવિધાઓ

● પાણી, સ્ટ્રીટલાઇટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઇન્ટરનલ રોડની ઉત્તમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઇપ ફીટીંગ તથા મોડ્યુલર સ્વીચ બોર્ડ અને ઇલેક્ટ્રીક વાયરીંગ ● ટાઇટલ ક્લીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર

સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯

અમરેલીની મોંઘીબા કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થિનીઓને યોગ વિશે માહિતી અપાઈ

અમરેલી, તા.૨૩



અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે ૨૧-૦૬-૨૦૨૫ના સવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. "Yoga fro one Earth one Health"- 'યોગ એ માત્ર કસરત નથી પણ એ આત્મા સાથેનો સંબંધ છે એ સંકલ્પના સાથે કોલેજની વિદ્યાર્થિનીઓ તથા કોલેજ સ્ટાફ પરિવાર આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયો હતો. કોલેજની ૬૦ જેટલી વિદ્યાર્થિની અને સ્ટાફ પરિવારના ૧૦ સભ્યોએ કોલેજના પી.ટી.આઈ. ડૉ. જયશ્રીબેન મકવાણાના માર્ગદર્શન હેઠળ સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ તથા વિવિધ યોગાસન કર્યા હતા. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. જી.વી. વેલિયતે યોગ દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. N.C.C.નાં મનીષાબેન સાગઠિયા, N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિરૂપાબેન ટાંક તથા સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

અવસાન નોંધ

સાવરકુંડલા

અંજલીબેન અલ્પેશકુમાર વરમોરા (ઉ. વ.૨૩)નું તા.૮/૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ધ્રુવકુમાર અલ્પેશભાઈ વરમોરા (ભાઈ), દક્ષાબેન અલ્પેશભાઈ વરમોરાના દીકરી થાય છે. સદગતનું બેસણું તા.૨૪/૬ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન ખાદી કાર્યાલય પાસે ડો. આંબેડકર નગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા

શારદાબેન અરૂણભાઇ બોઘરા (ઉ. વ.૬૦)નું તા.૨૦/૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે અરૂણભાઇ મધુભાઈ બોઘરા (પતિ), ધર્મેશભાઈ અરૂણભાઇ બોઘરાના માતા થાય છે. સદગતનું બેસણું તા. ૨૪/૬ના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે પટેલ વાડી શિવાજીનગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 095

સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ – ગર્લ્સ સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ – મિશ્ર સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ – ઈ.મી. સ્કૂલ પ્રવેશ
ગર્લ્સ સ્કૂલ માં – હોસ્ટેલ ગર્લ્સ & સિટી ગર્લ્સને પ્રવેશ
મિશ્ર સ્કૂલ માં – સિટી કુમાર & સિટી ગર્લ્સને પ્રવેશ

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561


પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

ચેકડેમ, નદી-નાળા છલકાતા ખેડૂતોમાં છવાયો ખુશીનો માહોલ

અમરેલી જિલ્લામાં મેઘમહેર : નદીઓ બે કાંઠે

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં મોડી રાતથી વહેલી સવાર સુધી ધીમી ધારે વરસાદ પડ્યો છે, જેના કારણે શેત્રુંજી અને સાતલડી નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે આ નદીઓમાં પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને અમરેલી અને સાવરકુંડલા વચ્ચેથી પસાર થતી શેત્રુંજી નદીમાં પાણીની ભારે આવક થઈ છે, જેનો લાભ આસપાસના ખેડૂતોને





તેમના ખેતરો માટે મળશે. બાબાપુર ગામ નજીક સાતલડી નદીમાં પણ પૂર આવ્યું છે. હાલ રાજુલા, સાવરકુંડલા, વડીયા, કુંકાવાવ અને અમરેલી સહિત જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છે. છેલ્લા ત્રણ દિવસથી ખેડૂતો જુદા જુદા વિસ્તારોમાં કપાસ સહિતના પાકોની વાવણી કરી રહ્યા છે.

હવામાન વિભાગે વધુ વરસાદની આગાહી કરી છે, જેનાથી નદીઓમાં પાણીની આવક વધશે અને આસપાસના ચેકડેમ તથા તળાવો ભરાઈ જશે.

સારા વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચોમાસું જામતા ખેડૂતોએ વાવણી શરૂ કરી, અનેક તાલુકાઓમાં સચરાચર વરસાદ

અમરેલી શહેરમાં બેકારીથી કંટાળી યુવકે ગળાફાંસો ખાધો

અમરેલી, તા.૨૩

અમરેલી શહેરમાં એક યુવકે બેકારીથી કંટાળીને ગળાફાંસો ખાધો હતો. બનાવ અંગે લાલજીભાઈ નાનજીભાઈ જરવલીયા (ઉ.વ.૬૨)એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર સંજય નાનજીભાઈ જરવલીયા ઘણા સમયથી કોઈ કામ-ધંધો કરતો નહોતો. તેને કામ-ધંધો મળતો ન હોવાથી કંટાળી જઈ પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં રહેતા સાગરભાઈ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૨૭) એ જાહેર કર્યા મુજબ, વણઝારા તથા દેવીપૂજકો અવારનવાર ગાળો આપતા હોવાથી લાગી આવતાં ફિનાઈલ પી લીધું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

નાના આંકડીયા ગામે પરપ્રાંતીય સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ કીટ અપાઈ

અમરેલી,તા.૨૩

ફ્યુચર ફાઉન્ડેશન અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર - નાના આકડીયાના સંયુક્ત ઉપક્રમે 'પ્રોગ્રામ ફોર માઈગ્રેન્ટ પ્રેગનેન્ટ વુમન' અંતર્ગત પરપ્રાંતીય મજૂર પરિવારોની સગર્ભા અને ધાત્રી માતાઓ માટે એક કાર્યક્રમ યોજાયો હતો. આ



કાર્યક્રમમાં, તેમને ખજૂર, ગોળ, ટોપરા અને સીંગ દાળિયાનું પૌષ્ટિક આહાર તરીકે વિતરણ કરવામાં આવ્યું હતું, જે તેમની અને બાળકની તંદુરસ્તી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ઉપરાંત, માતાઓને સરકારની આરોગ્ય સેવાઓનો લાભ લેવા, સુરક્ષિત સગર્ભા અવસ્થા જાળવવા, બાળકોનો સુરક્ષિત ઉછેર કરવા, કુટુંબ નિયોજન અપનાવવા અને બાળકોને શાળામાં દાખલ કરાવી શિક્ષણ સાથે જોડવા જેવા મુદ્દાઓ પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રાજુલામાં ક્રિકેટ રમતી વખતે લોખંડના સળિયાને અડી જતાં બાળકનું મોત

બાળકના કરૂણ મોતથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો

રાજુલા, તા. ૨૩

રાજુલાના વિસળીયા પ્લોટ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. ક્રિકેટ રમતી વખતે લોખંડના સળિયાને અડી જવાથી વીજશોક લાગતાં બાળકનું કરૂણ મોત નિપજ્યું હતું. બનાવ અંગે વનાભાઈ નનાભાઈ શિયાળ (ઉ.વ.૪૩)એ જણાવ્યું કે રાકેશભાઈ બાબુભાઈ શિયાળ (ઉ.વ.૭) મકાનની અગાસી પર ક્રિકેટ રમતો હતો. તે સમયે લોખંડના સળીયાને અડી જતાં વરસાદ તથા ભેજના કારણે અચાનક વીજશોક લાગતા મરણ પામ્યો હતો.

મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.વી. પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

જિલ્લામાં અકસ્માતની વણથંભી વણઝાર

પંચર કરાવવા ટુવ્હીલ દોરીને જતાં યુવકને ફોરવ્હીલ ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં અકસ્માતની વણથંભી વણઝાર ચાલુ રહી હતી. ખાંભાના મોટા બારમણ ગામે રહેતો યુવક પંચર કરાવવા ટુવ્હીલ દોરીને જતો હતો ત્યારે ફોરવ્હીલ ચાલકે ટક્કર મારી હતી. જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. અજાણ્યો ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે કરણભાઈ રામભાઈ વેગડ (ઉ.વ.૧૮)એ અજાણ્યા ફોરવ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ બપોરના સવા ત્રણેક વાગ્યે તેમનું મોટરસાયકલ લઈને મોટા બારમણ ગામે નાગેશ્રી રોડ ઉપર નસીબ ગેરેજે પંચર કરાવવા દોરીને જતો હતો. આ સમયે કાળા કલરની ફોરવ્હીલના ચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં તેમને

ખાંભાના મોટા બારમણ ગામે બનાવ બન્યો

માથાના ભાગે તથા ડાબા ખભે તથા જમણા પગના અંગુઠા ઉપર ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ફોરવ્હીલ ચાલક નાસી ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ઘાંઘળ વધુ તપાસ કરી રહ્યા છે.

દારૂ પીવા બાબતે ઠપકો આપતા કાંઠલો પકડી ધમકી આપી

ખાંભાના ત્રાકુડા ગામે બનાવ બન્યો

ખાંભા, તા.૨૩

ખાંભાના ત્રાકુડા ગામે એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. દારૂ પીવા બાબતે ઠપકો આપતાં કાંઠલો પકડી બે ઝાપટ મારી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે વનરાજભાઈ મગનભાઈ વિંઝુડા (ઉ.વ.૨૭)એ કાળુભાઈ નાનજીભાઈ વિંઝુડા તથા નંદુબેન નાનજીભાઈ વિંઝુડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે કાળુભાઈ વિંઝુડાને તેના બાપુજીને દારૂ પીવા બાબતે ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું, જેથી તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, કાંઠલો પકડી, ડાબા ગાલ ઉપર બે ઝાપટ મારી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યાછે.

અમરેલી જિલ્લામાં ટ્રસ્ટ દ્વારા બનાવેલા તમામ ચેકડેમ ઓવરફ્લો

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લાના કોલડા, દેવગામ, બાટવા-દેવળી અને અન્ય ગામોમાં વરસાદી પાણીના યોગ્ય જતન માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને શહેરના લોકોના સહયોગથી લોકફાળા દ્વારા જૂના ચેકડેમોનું રિપેરિંગ, ઊંડા કરવા, ઊંચા કરવા, અને નવા ચેકડેમો બનાવવાનું આયોજન કરાયું હતું. "પાણી પહેલા પાળ બાંધો"ના સંકલ્પ સાથે થયેલા આ વિશાળ કાર્યને કારણે પહેલા જ વરસાદમાં તમામ ચેકડેમો છલકાઈ ગયા છે, જેના પરિણામે જમીનના ભૂગર્ભ જળ સ્તરમાં નોંધપાત્ર વધારો થશે. ટ્રસ્ટનો ઉદ્દેશ્ય છે કે દરેક ગામમાં લોકો વરસાદી પાણીનું યોગ્ય જતન કરે, જેથી ખેતીમાં ફાયદો થાય અને પર્યાવરણ તથા પ્રકૃતિનું રક્ષણ થાય, જેનાથી



પશુ-પક્ષી અને જીવ-જંતુઓ પણ સુરક્ષિત રહે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટે ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો અને ૧૧,૧૧૧ બોર રિચાર્જ કરવાનો સંકલ્પ કર્યો હતો.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૨૪-૦૬-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

દૈનિક રાશિફળ

તા.૨૪-૦૬-૨૦૨૫ મંગળવાર

મેષ: આજે વેપારના ક્ષેત્રમાં તમને ફાયદો થવાથી આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે.

વૃષભ: વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂરની મુસાફરી પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે.

મિથુન: બીજાની મદદ કરવાથી તમને સારું લાગશે તેથી આજે તમારો દિવસ પરોપકારીમાં વિતાવશો. આને કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે.

કર્ક: આજે તમારી આર્થિક બાજુ મજબૂત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામ પુરા થશે. પ્રિયજનો સાથે મળવાનું થશે.

સિંહ: પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે તમને બપોર સુધીમાં આનંદકારક સારા સમાચાર પણ મળશે.

કન્યા: આજે ઘરની જરૂરિયાતો પર પૈસા ખર્ચ થશે. કોર્ટ-કચેરીના કામ માટે દિવસ દરમિયાન મુસાફરી કરવી પડી શકે છે.

તુલા: પિતાના આશીર્વાદથી અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

વૃશ્ચિક: આજે ઉદ્યોગમાં તત્પરતાનો લાભ મળશે. પરિવાર તરફથી કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે. આજે રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપશો.

ધન: આજે મોટી માત્રામાં પૈસાની અચાનક પ્રાપ્તિ આર્થિક સ્થિતિને મજબૂત બનાવશે. વ્યવસાયિક યોજનાઓમાં વેગ મળશે. તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે.

મકર: આજે શરીરમાં અચાનક દુ:ખાવાને લીધે વધુ ખર્ચની સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે મિલકતની તમામ કાનૂની બાબતોનો ગંભીરતાપૂર્વક વિચાર કરો.

કુંભ: રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે.

મીન: આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. આવકના નવા સ્ત્રોત સર્જશે, વાણી તમને વિશેષ માન આપશે.

ધારી ગીર પૂર્વ વિભાગમાં કર્મચારીઓ દ્વારા યોગ દિનની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૨૩

ધારી ખાતે ગીર પૂર્વ વન વિભાગના વિવિધ રેન્જમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્ટાફની એકંદર માનસિક અને શારીરિક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મુખ્ય મથક ધરાવતા ગીર



પૂર્વ વન વિભાગનો પ્રાદેશિક અધિકારક્ષેત્ર બે જિલ્લાઓ - અમરેલી અને ગીર સોમનાથ પર આવેલો છે. સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ગીર પૂર્વ વન વિભાગમાં સૌથી વધુ એશિયાઈ સિંહો છે. સતત કામ કરી રહેલા કર્મચારીઓ યોગના માધ્યમથી મનને શાંત કરે તેવા હેતુથી ડીસીએફ વિકાસ યાદવની આગેવાનીમાં કર્મચારીઓએ યોગ દિનની ઉજવણી કરી હતી.

જિલ્લામાંથી અડધો ડઝન પ્યાસી પકડાયા

પોલીસે તમામ શખ્સો સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી કામગીરી કરી

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાંથી વિવિધ સ્થળેથી પોલીસે શરાબીને ઝડપી પાડ્યા હતા. રાજુલામાંથી બે, ત્રાકુડા, સોઢાપરા, અમરેલી, જાફરાબાદમાંથી એક-એક મળી કુલ છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. અમરેલીના રોકડિયાપરામાં મહિલાના રહેણાંક મકાનેથી ૪ લીટર તથા ડુંગર ગામેથી ૧ લીટર મળી કુલ ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. રાજુલામાંથી એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં ડ્રાઈવિંગ લાયસન્સ વગર ફોરવ્હીલ ચલાવતાં ઝડપાયો હતો.

સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા શહેરની કબીર ટેકરી ખાતે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહંત શ્રી નારાયણ સાહેબના આશીર્વાદ અને વિવિધ સંસ્થાઓના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યોગપ્રેમીઓ ઉમટી પડ્યા હતા.



પતંજલિ યોગ સમિતિ, ડો. હેડગેવાર સેવા સમિતિ, રાષ્ટ્રીય સેવિકા સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહિની, માતૃશક્તિ, આર્ટ ઓફ લિવિંગ પરિવાર, બ્રહ્માકુમારી, સમર્પણ ધ્યાન પરિવાર અને કબીર ટેકરી પરિવાર સહિત અનેક સંગઠનો આ ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૧૧મા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૨૩

અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ દ્વારા ૧૧મા વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ યોગાસનો ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી કર્યા હતા. ભારતની ભવ્ય વિરાસત એવી યોગાસન પ્રણાલી શારીરિક અને માનસિક શાંતિ તથા સ્વાસ્થ્ય માટે વિશ્વને એક અનુપમ ભેટ સમાન



છે. યોગ એ શરીરના તેમજ માનસિક રોગોને દૂર કરવા માટે જીવનનો એક અભિન્ન ભાગ બની જવો જોઈએ, કારણ કે તે અનેક રોગોને દૂર કરવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ યોગ દિવસની સફળ ઉજવણી બદલ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

તંત્રી લેખ


ઈરાન-ઇઝરાયલ યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રી

અમેરિકાએ ઈરાનને અનેક ચેતવણીઓ આપી હોવા છતાં અણુપ્રસાર સંધિમાં સામેલ થવાનો ઈરાને ઈન્કાર કર્યો. અનેક સમજાવટ પછી પણ ઈરાનના ઈઝરાઈલ પરના હુમલાઓ ચાલુ રહેતા અમેરિકાએ ગઈકાલે જંગમાં ઝૂકાવી દીધું અને સ્ટીલ્થ બોમ્બર વિમાનો દ્વારા ઈરાનના અણુ મથકો પર મિસાઈલ એટેક કર્યા અને તેને નષ્ટ કર્યા છે. મધ્યપૂર્વમાં આજે ફરી એકવાર તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષે આખા વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. જૂન ૨૦૨૫ના મધ્યમાં ઈઝરાયલે ઈરાન પર ભારે હવાઈ હુમલા કર્યા, જેનો મુખ્ય લક્ષ્ય ઈરાનના પરમાણુ મથકો, મિસાઈલ ફેક્ટરીઓ અને લશ્કરી મથકો હતા. આ હુમલા 'ઑપરેશન રાઈઝિંગ લાયન' (Am KeLavi) નામે ઓળખાય છે અને એકદમ વ્યાપક પ્રમાણમાં હતા. ઈરાને પણ જવાબી કાર્યવાહી કરી. ઈઝરાયલના મુખ્ય શહેરો પર મિસાઈલો અને ડ્રોનનો વરસાદ વરસાવ્યો, જેમાંથી કેટલીક મિસાઈલો ઈઝરાયલની હવાઈ સંરક્ષણ પ્રણાલીને ચકમો આપીને લક્ષ્યોને નિશાન બનાવી શકી. બંને દેશો વચ્ચે આ હુમલાઓ અને જવાબી હુમલાઓની સાંકળ હજુ પણ ચાલી રહી છે. ઈરાનના નેતૃત્વે પણ ચેતવણી આપી છે કે, જો ઈઝરાયલે હુમલા ચાલુ રાખ્યા તો તેમનો દેશ બળપૂર્વક જવાબ આપશે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેની શત્રુતા ઘણા દાયકાઓથી ચાલે છે. ૧૯૭૯ની ઈરાનની ઈસ્લામિક ક્રાંતિ બાદથી ઈરાને ઈઝરાયલને રાજ્ય તરીકે ક્યારેય માન્યતા આપી નથી. બીજી તરફ, ઈરાન સતત હમાસ, હિઝબુલ્લાહ અને યમનમાંના હૂથી જેવા આતંકી સંગઠનોને રોકાણ અને હથિયારોથી મજબૂત કરતું રહ્યું છે. આ તમામ સંગઠનો ઈઝરાયલની વિરુદ્ધમાં હુમલા કરે છે. ઈઝરાયલ પણ આ સંગઠનો અને ઈરાની લક્ષ્યો પર હુમલા કરતું રહે છે. ઓક્ટોબર ૨૦૨૩માં, હમાસે ગાઝામાંથી ઈઝરાયલ પર વ્યાપક હુમલાઓ કર્યા, જેમાં સેંકડો નાગરિકોના મૃત્યુ થયા. ઈઝરાયલે ગાઝા પર ભારે હવાઈ હુમલા કરીને હમાસના ઠેકાણા નેસ્તનાબૂદ કર્યા. આ સંઘર્ષમાં ઈરાન પણ પડદા પાછળથી સક્રિય રીતે સંડોવાયેલું જોવા મળ્યું હતું. ત્યારપછી ઈઝરાયલે સીરિયામાં ઈરાની લક્ષ્યો અને પ્રોક્સીઓ પર વારંવાર હુમલા કર્યા, જેનાથી ઈરાને વળતો જવાબ આપવાની ધમકી આપી. તાજેતરનો સંઘર્ષ અને પરમાણુ કાર્યક્રમ મહત્વના મુદ્દા છે આની પાછળ દોરીસંચાર અમેરિકાનો છે કારણ કે અમેરિકા અને ઈરાનના સંબંધો એકદમ તંગ છે આથી ઈરાન નષ્ટ થાય તે માટે અમેરિકાએ ઈઝરાઈલને પ્રેરિત કર્યું અને ઈઝરાયેલ દ્વારા ઈરાન ઉપર પ્રચંડ હવાઈ હુમલા કરાવ્યા. તાજેતરમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો સંઘર્ષ ઈરાનના પરમાણુ મથકોને કારણે છે. ઈઝરાયલે લાંબા સમયથી ઈરાનના અણુ કાર્યક્રમને પોતાના અસ્તિત્વ માટે જોખમ ગણ્યો છે. ૨૦૨૫ના જૂનમાં આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સીએ (IAEA) ઈરાનને અણુ સંધિઓનું પાલન ન કરનાર જાહેર કર્યું, કારણ કે ઈરાન ૬૦% શુદ્ધ યુરેનિયમનું સંવર્ધન કરી રહ્યું હતું, જે અણુશસ્ત્રો માટેના સ્તરની નજીક છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ દાવો કર્યો કે ઈરાન એક વર્ષ કે તેથી ઓછા સમયમાં અણુશસ્ત્ર બનાવી શકે છે, જેના કારણે ૧૩ જૂન, ૨૦૨૫ના રોજ ઈઝરાયલે ઈરાનના અણુ મથકો, મિસાઈલ ફેક્ટરીઓ અને લશ્કરી નેતાઓ પર મોટાપાયે હવાઈ હુમલા કર્યા. ઈરાને પણ જવાબી હુમલા કર્યા, જેમાં તેલ અવીવ અને જેરુસલેમ પર ૧૦૦થી વધુ મિસાઈલો અને ડ્રોન હુમલા કર્યા. જોકે, આ હુમલા ઈઝરાયલે રોકી લીધા. મધ્ય પૂર્વના નવા યુદ્ધમાં અમેરિકા અને વિશ્વ સમુદાયની ભૂમિકા મહત્વની છે.

ઝડપભેર જંગલોનો વિકાસ કરતી જાપાનની ટેક્નોલોજી એટલે મિયાવાકી

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

એક સમયે સૌરાષ્ટ્રનો સમગ્ર વિસ્તાર લીલોછમ હતો. અમરેલી જિલ્લાના મોટાભાગના વિસ્તારો ગીરના જંગલના વૃક્ષોથી છવાયેલા હતા. આજે ધીમે ધીમે વૃક્ષો ઓછા થતા ગયા અને આખો વિસ્તાર સેમિડ્રાય બનવા લાગ્યો. ભૂગર્ભજળ વધુ ને વધુ ઊંડા ઉતરતા ગયા અને દરિયા કિનારાની ખારાશ આગળ વધતી ગઈ. પર્યાવરણની જાળવણી માટે સમગ્ર વિસ્તારમાં હરિયાળી હોવી જરૂરી છે આ માટે જાપાનની મિયાવાકી સિસ્ટમથી જંગલોનો ઝડપી વિકાસ થાય તે જરૂરી છે. નાના મોટા શહેરો ઉપરાંત શાળા કોલેજો અને ગામડાની ગૌચર જમીનમાં પણ આ પદ્ધતિથી મિનિ જંગલો ઉભા કરવામાં આવે તે જરૂરી છે. ગુજરાતમાં ધીરે ધીરે જંગલો ઓછા થઈ રહ્યાં છે. ભૌતિક વિકાસના કામોમાં વૃક્ષોનું મોટા પાયે છેદન થઈ રહ્યું છે. બિલ્ડરો જંગલો અને વૃક્ષો કાપી ગગનચુંબી ઇમારતો તૈયાર કરી રહ્યા છે. જેને લીધે પ્રદૂષણ અને ઓક્સિજનના લેવલ પર અસર વર્તાઈ છે. ખાસ કરીને શહેરોમાં કોંક્રિટના જંગલો વધી રહ્યાં છે. 'શહેરી વન' એ શહેરોના ફેફસાં છે, જે ઓક્સિજન બેંક અને કાર્બન શોષકો તરીકે કામ કરે છે. ત્યારે રાજ્યમાં ગ્રીન કવર વધારવા માટે જાપાનીઝ મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓમાં મિયાવાકી પદ્ધતિથી જંગલો તૈયાર કરવાની શરૂઆત થઈ ગઈ છે. રાજકોટ, વડોદરા, પાટણ, અમદાવાદ સહિતના જિલ્લાઓમાં મિયાવાકી પદ્ધતિથી જંગલ તૈયાર થયાં છે. ગુજરાતમાં અમદાવાદમાં રિવરફ્રન્ટ અને ગોતા ખાતે, વલસાડના નાગરોલના દરિયાકિનારે, ભાવનગરમાં અકવાડા ગામ નજીક વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ખાતે મિયાવાકીનું ઉપવન તૈયાર થઈ રહ્યું છે. અહીંની એગ્રો સેલ કંપનીના પ્રાંગણમાં પણ મોટા પાયા પર મિયાવાકી સિસ્ટમથી ફોરેસ્ટ તૈયાર થઈ રહ્યું છે. આ ઉપરાંત સોનગઢ પોલીસ મથકમાં, રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અને પાટણ શહેરના સૌથી વ્યસ્ત રોડ પૈકીના યુનિવર્સિટી રોડ પર મિયાવાંકી જંગલ ઉછરી રહ્યું છે. જ્યારે વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના તુલસીપુરા ગામે આ પ્રકારના જંગલની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત જસદણમાં મોક્ષધામ ખાતે પણ આ જંગલ બનાવવામાં આવ્યું છે. કચ્છના કુકમા ગામમાં પણ ગટરના પાણીને શુદ્ધ કરીને મિયાવાકી જંગલ તૈયાર કરવામાં આવ્યું છે. જ્યારે મહેમદાવાદના નવચેતન મુકામે મિયાવાકી પદ્ધતિ દ્વારા ત્રિલોકવન બનાવવામાં આવ્યું છે. શું છે મિયાવાકી પદ્ધતિ ? અકીરા મિયાવાકી એક જૅપનીઝ બોટનિસ્ટ છે જેમણે વૃક્ષો વાવવાની નવી ટેક્નિક વિકસાવી છે. જેમાં જમીનમાં દેશી જાતનાં વૃક્ષો એકબીજાથી ખૂબ નજીક નજીક વાવવામાં આવે છે. જેથી એકદમ ગીચ જંગલ તૈયાર થાય છે. અને એમાં ઝાડને સૂર્યપ્રકાશ ફક્ત ઉપરની તરફથી જ મળે છે અને એ લાંબાં ઉપરની તરફ જ વધતાં જાય છે. આ કારણસર જંગલ ૩૦ ટકા વધુ ગીચ બને છે. ૧૦ ગણું જલદી ઊગે છે અને ફક્ત ૩ વર્ષની અંદર મેઈન્ટેનન્સ ફ્રી બની જાય છે. આ ટેક્નિક દુનિયામાં પહેલી વાર ૨૦૦૦માં ઇટલીમાં ઉપયોગમાં લેવામાં આવી હતી.



ભારતમાં સૌપ્રથમ ૨૦૧૧માં એફૉરેસ્ટ સંસ્થાએ બેંગલોરની એક કંપનીના બૅકયાર્ડમાં મિયાવાકી ટેક્નિકનો ઉપયોગ કરીને ગીચ વનરાજી ઉગાડી હતી. આ પદ્ધતિથી વૃક્ષોનું પ્લાન્ટેશન કેવી રીતે થાય છે? "મિયાવાકી" પધ્ધતિમાં સર્વપ્રથમ જમીનને ચકાસવામાં આવે છે. જો તેમાં માટીના કણ નાના હોય, તો તે સખત બની ગયેલી હોય છે, જેમાં પાણી ઉતરી શકતું નથી. તે માટે જમીનમાં થોડોક જૈવિક કચરો, થોડુક પાણી તથા શોષક સામગ્રી જેમ કે બગાસી, શેરડી અથવા નારિયળના ભુસાનું મિશ્રણ ઉમેરવામાં આવે છે, જેથી માટી પાણીને પકડી રાખે અને ભેજ જળવાઈ રહે. આ રીતે જમીનને જંગલ માટે તૈયાર કરવામાં આવે છે. છોડને વધવા માટે પાણી, સૂર્યપ્રકાશ અને પોષકતત્વોની જરૂર હોય છે. શરૂઆતમાં રોપા વાવીને લીલા ઘાસનું પાતળું સ્તર પાથરી દેવામાં આવે છે જેથી ગરમીમાં ભેજ જળવાઈ રહે અને જો હિમવર્ષા થતી હોય તો બરફ માત્ર લીલા ઘાસના સ્તર પર જ જામે. ભેજને લીધે જમીન નરમ હોવાથી, મૂળ જમીનમાં સરળતાથી તથા ઝડપથી પ્રસરી શકે છે. બે થી ત્રણ વર્ષ સુધી પાણી આપતા રહેવું પડે છે. એકવાર મૂળિયાં સ્થપાઈ ગયા બાદ, જંગલનું ઉપર તરફ વધવાનું શરૂ થઈ જાય છે. ત્યારબાદ બે થી ત્રણ વર્ષ સુધી પાણી આપતા રહેવું પડે છે. તે દરમિયાન ઉગી નીકળેલા નકામા ઘાસને કાઢી નાખવામાં આવે છે જેથી વૃક્ષોના વિકાસમાં અવરોધ પેદા ન થાય. જેમ-જેમ જંગલ વધતું જાય છે તેમ-તેમ સૂર્યપ્રકાશ રોકાતો જાય છે. અંતે, જંગલ એટલું ઘટ્ટ બની જાય છે કે સૂર્યપ્રકાશ જમીન સુધી પહોચી શકતો નથી અને નકામું ઘાસ ઉગવાનું બંધ થઈ જાય છે. આ સ્તરે, જંગલ પાણીના દરેક ટીપાનું સંરક્ષણ કરે છે અને તેને વરાળ બનીને વાતાવરણમાં ભળતું અટકાવે છે તથા ભેજવાળી હવાનું સંઘનન કરીને ભેજ પાછો મેળવે છે. ધીરે-ધીરે પાણી આપવાનું ઓછુ કરીને અંતે બંધ કરી દેવામાં આવે છે. પાણી વગર પણ જંગલનું તળિયું ભેજવાળું રહે છે. ૨ જ વર્ષમાં વૃક્ષો સ્વાવલંબી બને છે અત્યારે જે સામાન્ય પદ્ધતિથી વૃક્ષોનો ઉછેર કરવામાં ત્રણ વર્ષ લાગે છે, તેના કરતા આ મિયાવાકી પદ્ધતિથી ૨ વર્ષમાં જ વૃક્ષો સ્વાવલંબી બને છે. ગત વર્ષે નારોલ હાઈવે ખાતે પાયલોટ પ્રોજેકટ તરીકે ૩,૦૦૦ વૃક્ષોનો ઉછેર કર્યો હતો. જેની સફળતા જોતા આ વર્ષે મોટા ૫ લાખ વૃક્ષો પૈકી ૩૦ ટકાનો આ પદ્ધતિથી ઉછેર કરવા નિર્ણય કરાયો છે. આ પદ્ધતિ દ્વારા વિવિધ પ્રકારની જમીન પર ઝડપથી, ટકાઉ તથા કેમિકલમુક્ત વન વિસ્તાર વિકસાવી શકાય છે અને તેનાથી વૃક્ષો ઝડપથી ઉગી શકે છે. મિયાવાકી પદ્ધતિથી અમદાવાદના રિવરફ્રન્ટ પર ૪૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર થશે. પ્રદૂષણ અટકાવવા કયાં વૃક્ષોનું સૌથી વધુ મહત્ત્વ છે? મોટા ભાગના કણોનું પ્રદૂષણ ધૂમ્રપાન અથવા ડીઝલ સૂટ તરીકે શરૂ થાય છે અને એ હૃદય તથા ફેફસાંના રોગોવાળા લોકો માટે આરોગ્યનું ગંભીર જોખમ અને તંદુરસ્ત નાગરિકોને બળતરા પેદા કરી શકે છે. પ્રદૂષણ ઘટાડવા અને હવાની ગુણવત્તામાં સુધારણા માટે વૃક્ષો મહત્ત્વપૂર્ણ, કોસ્ટેફેક્ટિવ સોલ્યુશન છે. કેટલીક જાતિનાં વૃક્ષો પ્રદૂષણના ઉપદ્રવ માટે વધુ સંવેદનશીલ હોય છે, જે છોડના વિકાસને નકારાત્મક અસર કરી શકે છે. આદર્શ રીતે એવાં વૃક્ષોની પસંદગી કરવી જોઈએ, જે વધારે પ્રમાણમાં પ્રદૂષિત વાયુઓ લે અને નકારાત્મક પ્રભાવોને પ્રતિરોધક હોય. એક સ્ટડી અનુસાર, અમેરિકાના પોર્ટલેન્ડ્સ શહેરમાં ૧૪.૭ લાખ વૃક્ષો દર વર્ષે ૯ લાખ કિલો પ્રદૂષણને દૂર કરે છે. કોંક્રિટના જંગલ વચ્ચે ગ્રીન કવર ઉભા કરવા ખાસ જરૂરી છે. સમગ્ર દેશમાં માત્ર ભાવનગર શહેર એવું શહેર છે જ્યાં શહેરની વચ્ચોવચ કુદરતી જંગલ આવેલું છે જે વિક્ટોરિયા પાર્ક અને નામે જાણીતું છે. આ જંગલ એક સમયે ગીરના જંગલ સાથે જોડાયેલું હતું તેનો એક છેડો શિહોરની કાંટ અને ભંડાર ભરી ભંડારીયાના ડુંગર સુધી લંબાયેલો હતો. આ જંગલ આજે ભાવનગર શહેરમાં ગ્રીન ફોરેસ્ટ બની ચૂક્યું છે અહીં અનેક પ્રકારની ઔષધીઓના પણ છોડ અને વૃક્ષો છે. વિક્ટોરિયા પાર્ક વચોવચ નાની નાની ટેકરીઓ અને એનું પોતાની ઈકો સિસ્ટમ છે. અહીં બાજુમાં જ ગૌરીશંકર સરોવર છે. આથી આ જંગલ કુદરતી રીતે વિકસેલું છે. આ ઉપરાંત માળનાથના ડુંગરોનું પાણી પણ આ જંગલ વિસ્તારમાં ભૂગર્ભ દ્વારા આવે છે આથી આ જંગલ દાયકાઓથી અસ્તિત્વ ધરાવે છે પરંતુ નજીકમાં મોટા બહુમાળી મકાનો અને સિમેન્ટ કોંક્રિટના જંગલો ઊભા થઈ ગયા છે આમ છતાં અર્બન ફોરેસ્ટ આજે ભાવનગર શહેરની એક વિશેષતા બની છે. અમરેલી જિલ્લાના અનેક વિસ્તારો એવા છે જ્યાં મિયાવાકી સિસ્ટમથી કુદરતી જંગલો ખૂબ સહેલાઈથી ઊભા થઈ શકે તેમ છે તો આ માટે પ્રયાસ કરવો જરૂરી છે નહીં તો આગામી સમયમાં અમરેલી પંથકનો વિસ્તાર સેમિડ્રાય ઝોન બની જશે. કારણ કે અમરેલી જિલ્લાના ભૂગર્ભજળ વર્ષો વર્ષ ઊંડા ને ઊંડા ઉતરતા જાય છે જેને કારણે ફ્લોરાઈડ જેવા જોખમી કેમિકલ પાણીમાં ભળી રહ્યા છે જે માનવ આરોગ્ય માટે ગંભીર ખતરો પેદા કરે છે. અહીં વરસાદ લાવવા માટે ગ્રીન કવર હોવું જરૂરી છે અને માત્ર મિયાવાકી સિસ્ટમથી જ અમરેલી વિસ્તારમાં ગ્રીન કવર બનાવી શકાય તેમ છે.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૩૫૦	૧૬૭૦
ઘઉં લોકવન	૪૯૬	૫૨૫
ઘઉં ટુકડા	૪૯૮	૫૪૩
જુવાર સફેદ	૬૦૦	૮૭૦
જુવાર લાલ	૭૦૦	૯૦૦
જુવાર પીળી	૩૮૦	૪૭૦
બાજરી	૩૮૫	૪૫૦
તુવેર	૧૦૭૫	૧૩૦૭
ચણા પીળા	૯૯૦	૧૧૨૦
ચણા સફેદ	૧૨૭૫	૨૦૫૦
અડદ	૧૧૯૧	૧૪૨૬
મગ	૧૩૦૦	૧૬૧૦
વાલ દેશી	૫૦૦	૧૦૫૦
ચોળી	૧૩૦૦	૧૯૦૦
વટાણા	૧૩૨૦	૨૧૧૫
કળથી	૮૦૦	૮૨૫
રાજમા	૭૦૧	૧૪૦૦
સીંગદાણા	૧૪૫૦	૧૬૪૦
મગફળી જાડી	૯૧૦	૧૨૨૦
મગફળી જીણી	૧૦૩૫	૧૬૦૦
તલી	૧૩૫૦	૨૧૦૦
એરંડા	૧૦૫૦	૧૨૩૩
અજમો	૯૪૦	૧૭૯૦
સુવા	૧૦૦૧	૧૪૪૦
સોયાબીન	૭૯૭	૮૪૨
સીંગફાડા	૧૦૫૦	૧૩૭૦
કાળા તલ	૨૭૦૦	૩૪૪૪
લસણ	૮૦૧	૧૪૨૦
ધાણા	૧૦૭૫	૧૩૫૦
ધાણી	૧૧૧૦	૧૪૦૦
વરીયાળી	૭૫૦	૧૨૦૪
જીરૂ	૩૪૦૦	૩૮૮૧
રાય	૧૧૮૦	૧૩૩૦
મેથી	૮૨૦	૧૩૨૦
ઇસબગુલ	૧૧૦૦	૨૨૦૦
કલોંજી	૩૧૦૦	૩૯૨૯
રાયડો	૧૦૭૦	૧૨૧૩
રજકાનું બી	૪૧૦૦	૫૬૨૦
ગુવારનું બી	૮૮૦	૯૯૦

રાજકોટ (શાકભાજી)

કેરી કાચી	૩૦૦	૬૦૦
લીંબુ	૨૦૦	૮૦૦
બટેટા	૧૬૦	૩૫૧
ડુંગળી સુકી	૧૧૦	૩૪૫
ટમેટા	૨૦૦	૫૦૦
સુરણ	૧૨૦૦	૧૪૦૦
કોથમરી	૧૦૦૦	૧૪૦૦
રીંગણા	૩૦૦	૭૦૦
કોબીજ	૧૪૦	૩૪૦
ફ્લાવર	૩૦૦	૬૦૦
ભીંડો	૪૦૦	૭૦૦
ગુવાર	૧૦૦૦	૧૪૦૦
ચોળાસીંગ	૧૧૦૦	૧૩૦૦
ટીંડોરા	૩૦૦	૮૫૦
દુધી	૧૦૦	૨૪૦
કારેલા	૬૦૦	૮૦૦
સરગવો	૨૦૦	૭૫૦
તુરીયા	૧૦૦૦	૧૫૦૦
પરવર	૩૦૦	૬૦૦
કાકડી	૪૦૦	૭૦૦
ગાજર	૩૦૦	૪૫૦
ગલકા	૪૦૦	૬૦૦
બીટ	૨૫૦	૪૪૦
મેથી	૨૦૦૦	૩૦૦૦
ડુંગળી લીલી	૧૦૦૦	૧૪૦૦
આદુ	૭૦૦	૯૦૦
મરચા લીલા	૬૦૦	૯૫૦
મકાઇ લીલી	૧૬૦	૪૪૦

અમરેલી

શિંગ મઠડી	૯૦૩	૧૦૭૫
શિંગ મોટી	૯૭૬	૧૧૯૦
શિંગ દાણા	૧૨૦૦	૧૮૦૦
શિંગ ફાડા	૮૦૦	૧૫૫૦
તલ સફેદ	૧૧૮૦	૨૪૫૦
તલ કાળા	૨૦૦૦	૩૩૨૫
તલ કાશ્મીરી	૧૭૦૦	૨૩૫૦
બાજરો	૨૫૦	૫૨૯
જુવાર	૨૭૦	૭૫૫
ઘઉં ટુકડા	૪૧૦	૫૨૪
ઘઉં લોકવન	૪૫૯	૫૪૨
મગ	૧૦૬૦	૧૪૧૦
અડદ	૧૪૬૫	૧૪૬૫
ચણા	૯૭૭	૧૧૦૦
ચણા દેશી	૧૧૬૫	૧૧૬૫
સફેદ ચણા	૭૦૦	૧૦૯૬
તુવેર	૮૦૦	૧૨૬૨
કપાસ	૯૭૦	૧૬૫૨
એરંડા	૧૦૦૦	૧૨૭૭
ધાણા	૯૧૦	૧૨૯૮
ધાણી	૧૨૨૧	૧૨૯૯
મેથી	૭૦૦	૭૮૦
સોયાબીન	૬૬૫	૮૧૦
કલોંજી	૩૫૦૦	૩૫૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૯૦	૨૯૦
રીંગણા	૭૦૦	૮૦૦
ફ્લાવર	૫૦૦	૬૩૦
કોબીજ	૨૫૦	૩૨૦
શકકરીયા	૬૫૦	૭૫૦
ટમેટાં	૪૫૦	૫૫૦
સુરણ	૧૨૦૦	૧૩૫૦
ગાજર	૭૦૦	૮૦૦
દુધી	૨૦૦	૨૫૦
કારેલા	૭૦૦	૮૦૦
ગલકા	૫૫૦	૬૦૦
કાકડી	૪૦૦	૫૦૦
ગુવાર	૧૫૦૦	૧૬૦૦
વટાણાં	૧૮૦૦	૨૦૦૦
ચોળા લીલાં	૧૦૫૦	૧૨૩૦
તુરીયા	૧૨૦૦	૧૪૦૦
ભીંડો	૭૦૦	૮૦૦
આદુ	૭૦૦	૮૫૦
કોથમીર	૭૦૦	૯૦૦
મેથીભાજી	૧૮૦૦	૨૦૦૦
ફોદીનો	૫૦૦	૭૦૦
ટીંડોરા	૬૦૦	૭૦૦
બીટ	૪૦૦	૫૩૦
સરગવો	૭૫૦	૮૫૦
લીમડો મીઠો	૧૧૦	૧૩૦
મરચાં લીલાં	૬૦૦	૮૦૦
ડુંગળી સુકી	૧૦૦	૨૬૦
લસણ સુકુ	૧૫૦૦	૨૦૫૦
મકાઈ	૨૫૦	૩૮૦
લીંબુ	૩૦૦	૪૦૦
પાલક	૮૦૦	૯૦૦

ગોંડલ

કપાસ	૧૦૩૧	૧૬૨૧
ઘઉં લોકવન	૪૭૦	૫૪૬
ઘઉં ટુકડા	૪૮૪	૫૬૨
મગફળી જીણી	૮૨૧	૧૦૮૧
સિંગદાણા જાડા	૧૪૪૧	૧૬૧૧
સિંગ ફાડીયા	૯૪૧	૧૩૫૧
એરંડા / એરંડી	૧૦૦૦	૧૩૧૧
જીરૂ	૨૪૦૧	૩૯૨૧
કલંજી	૧૨૦૦	૩૭૫૧
ધાણા	૮૦૧	૧૪૨૧
લસણ સુકું	૬૬૧	૧૨૬૧
ડુંગળી લાલ	૧૩૧	૨૯૧
અડદ	૯૫૧	૧૪૫૧
તુવેર	૫૦૦	૧૩૧૧
રાય	૧૧૪૧	૧૧૭૧
મેથી	૭૫૧	૯૧૧
કાંગ	૨૩૦	૫૫૧
સુરજમુખી	૧૦૨૧	૧૦૨૧
મગફળી જાડી	૭૨૧	૧૧૨૧
સફેદ ચણા	૧૧૫૧	૨૧૭૧
મગફળી નવી	૮૩૧	૧૨૫૧
ધાણી	૯૦૧	૧૫૧૧
ડુંગળી સફેદ	૧૨૧	૨૮૧
બાજરો	૩૦૧	૪૧૧
જુવાર	૫૦૧	૭૫૧
મકાઇ	૪૦૧	૫૫૧
મગ	૧૨૦૧	૧૫૯૧
ચણા	૧૦૦૬	૧૧૧૧
વાલ	૫૦૧	૯૦૧
ચોળા / ચોળી	૫૦૧	૧૭૫૧
સોયાબીન	૭૦૧	૮૯૧
ગોગળી	૮૫૧	૧૦૫૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૫૦૦
મરચા	૨૦૦	૧૨૦૦
ગુવાર	૬૦૦	૨૦૦૦
કોબી	૧૦૦	૪૦૦
દુધી	૪૦	૪૦૦
ફ્લાવર	૨૦૦	૮૦૦
કાકડી	૨૦૦	૮૦૦
રીંગણા	૨૦૦	૭૦૦
ભીંડો	૨૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૬૦૦
ગાજર	૩૦૦	૬૪૦
ટિંડોરા	૨૦૦	૮૦૦
વટાણા	૧૬૦૦	૩૦૦૦
કેરી કાચી	૧૮૦	૧૦૦૦
બટેટા	૨૫૦	૩૫૦
ડુંગળી પુરા	૧૫	૨૦
તાંજરીયા પુરા	૩	૧૧
કોથમીર પુરા	૪	૧૫
ફોદીનો પુરા	૨	૬
પચકારુ	૨૦૦	૩૦૦
ચુરણ	૧૪૦૦	૧૬૦૦
પરવર	૬૦૦	૭૦૦
ઘીસોડા	૬૦૦	૧૫૦૦
લીંબુ	૨૦૦	૬૦૦
મેથી પુરા	૫	૨૦
બીટ પુરા	૭	૨૦
સરગવો પુરા	૧૫	૪૦
ચોરા	૪૦૦	૧૬૦૦
કારેલા	૨૦૦	૧૦૦૦
કાચા પોપૈયા	૧૦૦	૨૦૦
આદુ	૬૦૦	૮૦૦
ફણશી	૧૮૦૦	૨૦૦૦
મકાઈ ડોડા	૨૦૦	૩૦૦
પાલક પુરા	૫	૧૪

ધારી

મગફળી	૮૫૦	૧૧૦૦
ચણા	૧૦૨૫	૧૦૮૦
સફેદ ચણા	૧૦૯૨	૧૩૨૫
તલ કાળા	૨૩૦૦	૨૩૦૦
તલ સફેદ	૧૪૩૦	૧૫૬૬
શીંગ દાણા	૧૧૦૦	૧૬૫૫
શીંગ ફાડા	૧૧૫૦	૧૨૬૫
એરંડા	૧૧૭૦	૧૨૦૦
જુવાર	૬૫૧	૬૫૧
ધાણા	૧૨૧૫	૧૨૧૫
બાજરો	૩૮૫	૪૦૦
મગ	૧૧૫૦	૧૩૦૦
સોયાબીન	૭૯૦	૮૦૦

બગસરા

કપાસ	૧૧૦૦	૧૪૯૦
ઘઉં લોકવન	૪૨૫	૫૦૦
ઘઉં ટુકડા	૪૯૧	૪૯૫
જુવાર	૪૯૦	૪૯૦
ચણા	૯૨૫	૧૧૦૦
ધાણા	૧૦૫૦	૧૨૭૫
શીંગફાડા	૧૧૯૦	૧૧૯૦
મગફળી	૯૫૦	૯૫૦
તલ સફેદ	૧૦૦૦	૧૮૫૦
સોયાબીન	૬૫૦	૭૮૫
મગ	૧૧૫૦	૧૩૪૫
તુવેર	૧૧૦૦	૧૧૬૦
શીંગદાણા	૧૩૪૦	૧૫૦૦

બાબરા

કપાસ શંકર	૧૫૬૦	૧૬૩૪
કપાસ મીડીયમ	૧૪૫૦	૧૫૫૫
મગફળી	૯૭૫	૧૦૬૫
જીરૂ	૨૯૧૦	૩૫૫૦
ઘઉં	૪૭૪	૫૨૬
તલ સફેદ	૧૫૪૦	૧૯૮૦
તલ કાળા	૨૪૪૫	૨૮૭૫

સાવરકુંડલા

શીંગ જીણી	૧૦૪૦	૧૧૦૦
શીંગ મોટી	૧૦૬૦	૧૧૨૫
શીંગ ઉનાળુ	૧૧૦૦	૧૨૨૫
શીંગ દાણા	૧૩૦૦	૧૫૫૦
તલ સફેદ	૧૬૦૦	૨૦૪૦
તલ કાળા	૨૫૧૧	૩૨૦૦
જીરૂ	૩૨૦૦	૩૬૫૦
કપાસ	૧૪૦૦	૧૫૮૦
ઘઉ લોકવન	૪૭૦	૫૨૦
બાજરો	૩૦૦	૪૬૦
મગ	૧૧૫૦	૧૪૧૦
અડદ	૧૦૫૦	૧૧૫૦
ચણા	૯૫૦	૧૧૨૦
તુવેર	૧૨૦૦	૧૩૦૦
ધાણા	૧૦૦૦	૧૧૦૦

રાજુલા

શીંગ	૮૦૦	૯૮૦
તલ સફેદ	૧૩૮૧	૧૯૩૧
બાજરો	૩૫૦	૫૦૦
ઘઉં ટુકડા	૩૬૦	૫૫૧
જુવાર	૫૦૦	૯૧૧
મગ	૧૩૦૦	૧૩૦૦
તુવેર	૧૦૭૦	૧૦૭૦
ચણા	૬૭૫	૧૦૭૯
જીરૂ	૨૯૦૧	૨૯૦૧
મેથી	૭૮૧	૭૮૧
સોયાબીન	૭૩૧	૮૦૦
એરડી	૮૫૦	૮૫૦
શીંગદાણા	૧૪૩૧	૧૭૦૧

ભેંસાણ

કપાસ	૧૦૦૦	૧૬૧૬
ઘઉં	૪૦૦	૫૧૧
મગ	૧૦૦૦	૧૪૦૧
ચણા	૯૫૧	૧૦૫૧
અડદ	૧૦૦૦	૧૩૧૧
મગફળી	૭૦૦	૧૦૧૬
શિંગ ફાડા	૧૦૦૦	૧૨૨૬
તલ સફેદ	૧૨૦૦	૨૦૨૬
તલ કાળા	૧૫૦૦	૨૭૨૧
ધાણા	૧૦૦૦	૧૨૫૬
સોયાબીન	૭૦૦	૮૧૧


કોડીનાર

મગફળી જી-૨૦	૯૨૫	૧૧૩૮
મગફળી ૩૨ નં.	૯૫૦	૧૦૩૮
બાજરી હાઈબ્રીડ	૩૮૦	૫૦૦
ઘઉં	૪૫૦	૫૫૦
જુવાર	૬૦૦	૮૯૦
ચોળી	૮૦૦	૧૭૩૦
અડદ	૧૩૭૦	૧૪૨૭
મગ	૧૧૦૦	૧૫૯૬
એરડી	૧૧૦૦	૧૨૮૨
ચણા	૧૦૦૦	૧૦૮૨
સફેદ તલ	૧૨૦૦	૧૯૫૨
કાળા તલ	૨૪૦૦	૩૪૭૦
સોયાબીન	૭૫૦	૮૩૬
સીંગદાણા	૧૨૫૦	૧૮૭૯

જામનગર

જુવાર	૩૪૫	૮૧૫
બાજરો	૩૨૫	૪૦૦
ઘઉં	૪૦૦	૫૦૨
મગ	૧૨૦૦	૧૫૧૦
અડદ	૧૧૨૦	૧૪૧૦
તુવેર	૧૧૨૫	૧૨૫૫
ચોળી	૧૦૭૪	૧૪૭૦
મેથી	૭૫૦	૯૯૧
ચણા	૧૦૦૦	૧૦૯૮
મગફળી જીણી	૮૫૦	૧૧૬૦
મગફળી જાડી	૮૦૦	૧૨૦૦
એરંડા	૧૦૫૦	૧૨૬૫
તલ	૧૬૦૦	૨૦૩૦
તલ કાળા	૨૫૦૦	૩૧૦૦
રાયડો	૧૦૫૦	૧૧૬૪
રાઈ	૧૧૦૦	૧૨૭૦
લસણ	૫૫૦	૧૦૮૦
કપાસ	૯૭૦	૧૪૫૦
જીરૂ	૨૫૦૦	૩૯૦૫
અજમો	૮૯૦	૨૫૬૫
ધાણા	૯૦૦	૧૨૬૫
ધાણી	૧૦૦૦	૧૨૬૦
ડુંગળી સૂકી	૬૫	૪૦૫

શબ્દ સંજોગ-૨૦૨૩



આડી ચાવી :

(૧) સૌથી સારું, શ્રેષ્ઠ (૩)
(૩) શુભકર, સુખકર (૩)
(૭) એક રાશિ (૨)
(૮) એક જાતની વાંસળી (૨)
(૯) જોવું તે, દૃષ્ટિ (૩)
(૧૧) સેવિકા,નોકરાણી (૨)
(૧૨) ગોટાળો, ખીચડો (૨)
(૧૩) બળ, શક્તિ (અ) (૨)
(૧૪) પૂરું, ચૂકતે (૨)
(૧૫) ..... છે તેનો નાશ છે (૨)
(૧૬) આગેવાન, સરદાર (૩)
(૧૮) ચોથા ભાગનું (૧)
(૧૯) ઓરડો, ખંડ (૨)
(૨૨) કથન, વાકય (૩)
(૨૪) તરંગ, ફાંટો (૧)
(૨૫) ઓકવું તે, ઊલટી (૩)
(૨૭) કડી, તૂક (૨)
(૨૯) ઘટ, ખોટ (૩)
(૩૦) પરસ્પર (૬)
(૩૧) યુનિવર્સિટીની વિધાશાખાનો અધ્યક્ષ (૨)

ઉભી ચાવી :

(૧) શિબિરાજાના પુત્ર (૪)
(૨) છળકપટ, ફેલ (૩)
(૪) પગની કણી, આંટણ (૩)
(૫) ધાતુનો રસ જામી જઈ બનેલો દાણો (૨)
(૬) દેવાતાની ચિનગારી કે અંગારો (૩)
(૧૦) મુસલમાનોમાં મડદું દાટવા લઈ જવાની ખાટલી (આ-અ) (૩)
(૧૧) પિતાના પિતા (૨)
(૧૨) એક વાદ્ય, ડાકલું (૩)
(૧૪) વાળ વિનાનું, બોડું (૩)
(૧૭) યુનાન દેશનો રહેવાસી (૩)
(૨૦) મોળું, નરમ (૩)
(૨૧) તદ્દન, બિલકુલ (૨)
(૨૩) હિરોઈન, અભિનેત્રી (૨)
(૨૬) કૃપા, દયા (૩)
(૨૭) એક વૃક્ષ (૩)
(૨૮) સંપ ત્યાં...... (૨)
(૨૯) બળ, જોર (૨)

શબ્દ સંજોગ-૨૦૨૨ જવાબ

આડી ચાવીઃ (૧) બિહાર (૪) પુના (૬) મત (૮) મકર (૧૦) રમજાન (૧૩) મનખો (૧૫) હેલ (૧૬) કમ (૧૮) જમાલ (૨૧) શોધખોળ (૨૪) વાસુ (૨૫) રજાઈ (૨૬) મકસદ (૨૯) યર (૩૧) યાદ (૩૨) અફવા (૩૪) મલમ (૩૬) હમાલ (૩૭) તરફ.
ઉભી ચાવી : (૨) હામ (૩) રકમ (૫) નાર (૬) મજાલ (૭) તન (૯) રન (૧૧) મહેલ (૧૨) નકશો (૧૪) ખોજ (૧૭) મધર (૧૯) માહીમ (૨૦) જાસુદ (૨૨) ખોજા (૨૩) ળઈય (ઈયળ) (૨૪) વાસદ (૨૭) કયામત (૨૮) શોઅક (અશોક) (૩૦) રમલ (૩૩) વાહ (૩૫) હાંફ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શાળા છોડતા અટકાવવા એઆઈનો ઉપયોગ શરૂ કરતી રાજ્ય સરકાર

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ પ્રાથમિક શાળાઓમાં પ્રવેશપાત્ર એકપણ બાળક શિક્ષણનાં અધિકારથી વંચિત ન રહે તે હેતુસર વર્ષ ૨૦૦૨-૦૩થી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. આ કાર્યક્રમના પરિણામે આજે ગુજરાતની શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓના સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૧-૦૨ જ્યાં ધો. ૧ થી ૮માં વિદ્યાર્થીઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો ૩૭.૨૨ ટકા હતો, તે વર્ષ ૨૦૨૩-૨૪માં ઘટીને ૨.૪૨ ટકા થયો. પરંતુ, ગુજરાત સરકાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સ્તરે સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો લગભગ શૂન્ય ટકા કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્કૂલ ડ્રોપઆઉટને અટકાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત અર્લી વોર્નિંગ સિસ્ટમ (EWS) લાગુ કરવામાં આવી છે. આ સિસ્ટમ શાળા છોડીને જઈ શકે તેવા સંભવિત બાળકોની અગાઉથી જ ઓળખ કરી લે છે, જેથી તેઓને શાળા છોડતા અટકાવી શકાય અને તેઓ પોતાનું શિક્ષણ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરી શકાય. ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ (ધો.- ૧ થી ૮)માં આજે લગભગ ૧ કરોડ જેટલા વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે, અને આ વિદ્યાર્થીઓમાંથી EWS થકી અત્યારસુધીમાં લગભગ ૧,૬૮,૦૦૦ એટલે કે ૨%થી પણ ઓછા વિદ્યાર્થીઓની ઓળખ કરવામાં આવી છે, જેઓ સંભવિત ડ્રોપઆઉટનું જોખમ ધરાવે છે.

ઊનાની એક્સિસ બેંકની સિસ્ટમમાં ખામીના કારણે ચેક પરત થતાં ગ્રાહકમાં ભારે રોષ

ઉના,તા.૨૩


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉનાની પીપલ્સ કો. ઓ. બેંકના સી.ઈ.ઓ. મીનાક્ષીબેન ધોળકીયા દ્વારા વિમા પોલીસી ઉતારેલ છે. તેના પ્રીમિયમ પેટે રૂ. ૧,૬૧,૫૧૫નો એસ. બી.આઈ.નો ચેક વિમા કંપનીના ઉનાના એરીયા એજન્ટને અપાયો હતો. આ ચેક ટાટા ગૃપના એરીયા એજન્ટ હરેશભાઈ ટીલવાણી દ્વારા ગત ૧૯ જૂનના રોજ એક્સિસ બેંકમાં પાસ કરવા આપ્યો હતો. પરંતુ બેંકની ઓનલાઈન સિસ્ટમમાં ભુલ આવવાના કારણે આ ચેક ક્લિયર થવાના બદલે રકમના આંકડા અને શબ્દોમાં ભુલ આવતી હોવાના બહાના તળે રિટર્ન કરી દીધો હતો. જોકે ચેકમાં આવી કોઈ જ ભુલો નહીં હોવાનું ખુદ એક્સિસ બેંક મેનેજર સમક્ષ બેંકના ગ્રાહક મિનાક્ષીબેન ધોળકીયાએ રૂબરૂ મળીને બતાવ્યું હતું. બેંકના નીતિ નિયમોની ચર્ચા દરમિયાન બેંકના ચેક ક્લિયરીંગનું કામ કરી રહેલા સ્ટાફ દ્વાર અવ્યવહારુ વર્તન કરવામાં આવ્યું હતું. આવા સ્ટાફ સામે એક્સિસ બેંકની મેઈન બ્રાન્ચ સુધી ફરિયાદ કરીને કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી હતી.

અમદાવાદના નિકોલમાં સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડીમાં યોગ દિવસની ઉજવણી



અમદાવાદ,તા.૨૩

અમદાવાદના નિકોલમાં સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડીમાં નેચરલ યોગા ગ્રુપ (ગુરુજી) દ્વારા યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને લોકોને યોગનાં ફાયદા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કોડીનારમાં સંઘ - કુટુંબ પ્રબોધન ગતિવિધિ દ્વારા યોગિની એકાદશીની ઉજવણી કરવામાં આવી

કોડીનાર, તા.૨૩



કોડીનાર નગરમાં છેલ્લા ઘણા સમયથી સંઘ - કુટુંબ પ્રબોધન ગતિવિધિ દ્વારા વિવિધ એકાદશી ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે, જે અલગ અલગ વિસ્તારો, સોસાયટીઓ અને પ્રસંગોને અનુરૂપ હોય છે. આ વખતે યોગિની એકાદશી વાલ્મીકિ સમાજના પરિવારના સભ્યો વચ્ચે ઉજવવામાં આવી હતી. વાલ્મીકિ સમાજના સ્વર્ગસ્થ મંગુબેન બેરડીયાના અવસાન નિમિત્તે, તેમના બારમાના દિવસે ભજન, કીર્તન અને રામધૂન સાથે એકાદશીનું વ્રત અનેક પરિવારના ભાઈઓ-બહેનોની હાજરીમાં યોજાયું હતું. આ પ્રસંગે ધર્મ જાગરણના વિજયભાઈ ખખ્ખરે એકાદશીનો મહિમા સમજાવ્યો હતો.

કુટુંબ પ્રબોધન ગતિવિધિ દ્વારા વાલ્મીકિ સમાજના પરિવારજનોને ભારત માતાના તૈલચિત્રની સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા સામાજિક એકતા અને ધાર્મિક ભાવનાનું સુંદર પ્રદર્શન થયું હતું.

કોડીનારના માઢવાડ ગામે ગ્રામ પંચાયતની ચૂંટણી દરમ્યાન કલેક્ટરના જાહેરનામાના ભંગની ફરિયાદ નોંધાઈ

કોડીનાર, તા.૨૩

વેલણ ગામના અને માઢવાડ મતદાન કેન્દ્રમાં ફરતા મનીષભાઈ લખમણભાઈ વાઘેલા મતદાન એજન્ટનો સિક્કો લગાવી, મતદાન મથકમાં મોબાઈલ ફોન સાથે હાજર રહેતા ફરજ પરના પીએસઆઈ એચ.એલ. જેબલિયાએ તેઓ પાસે મોબાઈલ ફોન મતદાન મથકમાં લઈ જવા માટે અધિકૃત પરવાનગી હોવાની પૂછપરછ કરતા મનીષભાઈ વાઘેલા પાસે કોઈ પરવાનગી ન હોવાનું જણાતા પીએસઆઈ જેબલિયાએ મોબાઈલ જપ્ત કરી તપાસતા ફોનમાં મતદાન મથકના અને બુથના ફોટા તેમજ વીડિયો મળી આવતા કલેકટરના જાહેરનામાનો ભંગ થયો હોવાનું જણાતા પીએસઆઈ પોતે ફરિયાદી બની કોડીનાર પોલીસ સ્ટેશન ખાતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૭૩ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ ફરિયાદ નોંધાવી હતી.

વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘનું ઝોનલ અધિવેશન સોમનાથ ખાતે યોજાયું

ઉના,તા.૨૩



વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘનું ઝોનલ સ્તરનું દ્વિ-વાર્ષિક અધિવેશન આસોપાલવ લોન હોટેલ સોમનાથ ખાતે યોજવામાં આવેલ. રાષ્ટ્રિય સ્તરનાં આ અધિવેશનમાં નેશનલ ફેડરેશન ઓફ ઈંડિયન રેલવેમેનનાં અધ્યક્ષ ગુમાન સિંઘ વિશેષ ઉપસ્થિત રહેલ. મુંબઈ સ્થિત જનરલ મેનેજર ઓફિસનાં મુખ્ય પર્સનલ ઓફિસર મંજુલા સક્સેના મુખ્ય અતિથિ તથા ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમાર અતિથિ વિશેષ ઉપસ્થિત રહેલ. આ અધિવેશનમાં આઠમા પગારપંચની સમિતિનું ગઠન કરવું, NPS/UPS નાબૂદ કરી જૂની પેન્શન સ્કીમ લાગુ કરવી, રેલવેમાં ખાનગીકરણ બંધ કરવું, અપગ્રેડેશનમાં બાકી રહેલ કેટેગરીનો સમાવેશ કરવો, કોવિડ-૧૯ સમયનું સ્થગિત કરેલ ૧૮ માસનું મોંઘવારી ભથ્થું તાત્કાલિક ધોરણે ચૂકવવા વગેરે મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. આ અધિવેશનને સફળ બનાવવા સંઘના ડિવિજનલ સેક્રેટરી બી.એન. ડાભી, ડિવિજનલ ચેરમેન ગીરીશ મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

મતદારો માટે પોલીસતંત્ર બન્યું 'આધારસ્તંભ'

ઉના,તા.૨૩



લોકશાહીના સૌથી મહત્વપૂર્ણ પર્વ સમાન મતદાન પ્રક્રિયાને સુચારુ અને સૌ માટે સુલભ બનાવવા વહીવટી તંત્ર દ્વારા શ્રેષ્ઠ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ પ્રયાસોના ભાગરૂપે, ખાસ કરીને દિવ્યાંગ મતદારોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તેની ખાતરી કરવા માટે પોલીસતંત્ર એક મજબૂત આધારસ્તંભ તરીકે ઉભરી આવ્યું છે. કોડીનાર તાલુકાના માઢવાડ ગામે આનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. અહીં પોલીસતંત્ર દ્વારા દિવ્યાંગ મતદારોને મતદાન મથક સુધી પહોંચાડવામાં અને તેમને મદદરૂપ થવામાં સક્રિય ભૂમિકા ભજવવામાં આવી હતી. પી.એસ.આઈ. એચ.એલ. જેબલિયા અને તેમની ટીમે દિવ્યાંગ મતદારોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે વિશેષ કાળજી લીધી હતી. ઉલ્લેખનીય છે કે, જિલ્લા પોલીસવડાના નેતૃત્વ હેઠળ, તમામ તાલુકાઓમાં એ.એસ.પી. અને ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીઓ સહિત પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ બંદોબસ્ત માત્ર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની ખાતરી કરવા માટે જ નહી, પરંતુ મતદારોને, ખાસ કરીને દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોને, મતદાન પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ન પડે તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

સન્યાસ આશ્રમ-દેરડી કુંભાજી ખાતે રક્તદાન કેમ્પ અને બટુક ભોજનનું આયોજન, ૧૦૮ રક્તદાતાઓએ રક્તદાન કર્યું

ગોંડલ,તા.૨૩



ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી સ્થિત સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ સન્યાસ આશ્રમ ખાતે એક ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂજન (મૂર્તિ પાટોત્સવ), રક્તદાન કેમ્પ અને બટુક ભોજન જેવા વિવિધ સેવાકીય કાર્યો સફળતાપૂર્વક સંપન્ન થયા હતા. આ સમગ્ર કાર્યક્રમ અશોકભાઈ ગીડાના નેતૃત્વમાં યોજાયો હતો. આ મહોત્સવના મુખ્ય આકર્ષણોમાં રક્તદાન કેમ્પ હતો, જેમાં કુલ ૧૦૮ રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરીને માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, બટુક ભોજન અને ટીબી હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે પણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ચંદુભાઈ ફૌજી, સર્વે આશ્રમના સેવક સમુદાય તથા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ઉના તાલુકાની કાજરડી પ્રાથમિક શાળા-૨માં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી

ઉના,તા.૨૩



વિશ્વમાં સૌપ્રથમ ૨૧, જૂન ૨૦૧૫ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ હતી. ઉના તાલુકાની કાજરડી પ્રાથમિક શાળા-૨માં ૧૧ મા વિશ્વ યોગ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ અને શિક્ષણગણો દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષકો અને ગ્રામજનોએ તાડાસન, પાદહસ્તાસન, અર્ધચક્રાસન, ત્રિકોણાસન, ચક્રાસન, મયુરાસન વગેરે આસનો કર્યા હતા. શાળાના શિક્ષકોએ યોગના વિવિધ ફાયદા વિશે લોકોને માહિતગાર કર્યા હતા.

ઉનાના નવાબંદરમાં પીલાણુ (હોડી)ના મશીનની ચોરીનો આરોપી પકડાયો

ઉના,તા.૨૩



ઉનાના નવાબંદરના રહેવાસી મનસુખભાઈ ભગવાનભાઈ સોલંકીનું ધ્રુવ પ્રસાદ નામનું પીલાણુ (હોડી)માં યામાહા કંપનીનું રૂ. ૭૫૦૦૦નું મશીન જોઈન્ટ હતું. કોઈ અજાણ્યો ચોર ઈસમ તેને ચોરી કરીને લઈ જતા તેમણે નવાબંદર મરીન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સ્ટેશનના ઈ/ચા પીઆઈ વી.કે. ઝાલાના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કવોડના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન આરોપી અંગે ખાનગી બાતમી મળી હતી. આથી ટીમે નવાબંદરના મસ્તાન ચોકમાં રહેતા અમીન ઉર્ફે સુરી આરીફભાઈ મન્સૂરી પાસેથી ચોરીના મશીન સહિત વીવો કંપનીનો મોબાઈલ ફોન -૦૧ કિં.રૂ.૫૦૦૦ કુલ કિં.રૂ.૮૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સર્વેલન્સ ટીમના એ.એસ.આઈ. અશ્વિનભાઈ ડોડીયા, સંજયભાઈ ચાવડા, પાંચાભાઈ બાંભણીયા, જીતેશકુમાર દમણીયા, કનુભાઈ બાંભણીયા સહિતે આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી.

ગીર સોમનાથ કલેક્ટરની નગડિયા ગામે રાત્રીસભા: ગ્રામજનોના પ્રશ્નો સાંભળી નિરાકરણની ખાતરી

ગીર સોમનાથ,તા.૨૩


તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કલેક્ટર એન. વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને ગીરગઢડા તાલુકાના નગડિયા ગામે રાત્રીસભા યોજાઈ હતી. આ સભામાં ગ્રામજનોએ એપ્રોચ રોડ, પૂર સંરક્ષણ દિવાલ, નગડિયા-સણોસરી રોડ, આંગણવાડી, સ્મશાનમાં માળખાગત સુવિધાઓ, ચેકડેમ, કોમ્યુનિટી હોલ, એ.પી.એમ.સી., વારસાઈ, પી.જી.વી.સી.એલ. અને આરોગ્યલક્ષી સહિતના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. કલેક્ટરે તમામ પ્રશ્નો ધ્યાનપૂર્વક સાંભળી, સંબંધિત અધિકારીઓને સુનિયોજિત રીતે નિરાકરણ લાવવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખાતરી આપી હતી કે, વહીવટી તંત્ર ગ્રામજનોની મુશ્કેલીઓ પર પૂરતું ધ્યાન આપી હકારાત્મક નિરાકરણ લાવવા કટિબદ્ધ છે. કલેક્ટરે નગડિયા ગામની સમરસ ગ્રામ પંચાયત અને છેલ્લા ઘણા વર્ષોથી એકપણ ગુનો ન નોંધાયો હોવા બદલ ગામની પ્રશંસા કરી હતી. આ સભામાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ સહિતના અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉનામાં મોદી સરકારના ૧૧ વર્ષની ઉજવણી, પૂર્વ CM વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ

ઉના,તા.૨૩



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારના 'વિકસિત ભારતનો અમૃત કાળ' સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉના ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સભા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની સૂચના અનુસાર અને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ ઉના શહેર અને તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા આ કાર્યક્રમ ઉના સોમનાથ બાગ મુકામે યોજાયો હતો.

ઉના શહેર અને તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્વ. વિજયભાઈ રૂપાણીના દિવ્ય આત્માને શાંતિ મળે તે માટે પુષ્પાંજલિ અર્પણ કરી ભગવાનને પ્રાર્થના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશ વક્તા અભયભાઈ રિબડીયા, જિલ્લાના વક્તા હરિભાઈ વાળા, ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના પ્રતિનિધિ વિજયભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન અને કાર્યક્રમના ઈન્ચાર્જ પ્રકાશભાઈ ટાંક, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ચંદુભાઈ કોટેચા, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાના સદસ્યો, દરેક ગામના સરપંચો, સંગઠનના વિવિધ મોરચાના હોદ્દેદારો અને ભારતીય જનતા પાર્ટીના અનેક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાસિક કુંભ મેળા માટે રૂ. ૨,૫૦૦ કરોડના પ્રોજેક્ટ્સ સાકાર કરાશે : મુખ્યમંત્રીની જાહેરાત

નાગપુર,તા.૨૩



આગામી સિંહસ્થ કુંભ મેળાને ધ્યાનમાં રાખીને, નાસિકમાં નવ મુખ્ય હાઈવે અને રસ્તાઓના વિકાસ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આમાં ઘોટીથી જવાહર ફાટા, દ્વારકા સર્કલથી કોલ્હાર, નાસિકથી કસારા, સાવલી વિહીરથી શનિશિંગણાપુર ફાટા (રાહુરી ખુર્દ), નાસિકથી ધુળે, ત્ર્યંબકેશ્વરથી જવાહર - મનોર, સાવલી વિહીરથી માલેગાંવ, ઘોટીથી શિરડી અને શનિશિંગણાપુર ફાટાથી અહિલ્યાનગર (ખારવંડી ફાટા) જેવા રૂટનો સમાવેશ થાય છે. હાલમાં આ નવ પ્રોજેક્ટ્સમાં લગભગ રૂ. ૨,૫૦૦ કરોડના ખર્ચે કામો પ્રસ્તાવિત છે.

આગામી સિંહસ્થ કુંભ મેળાને ધ્યાનમાં રાખીને, નાગપુરમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીની હાજરીમાં માળખાગત રોડ વિકાસને મજબૂત બનાવવા માટે એક વ્યાપક બેઠક યોજાઈ હતી, જેમાં આ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી.

સિન્નારથી ઘોટી સુધીનું કામ ૨૬ જૂન સુધીમાં પૂર્ણ થશે. આ કોંક્રિટ વ્હાઇટ ટોપિંગ ફોર-લેન રોડ પર રૂ. ૧૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના યુધ્ધમાં અમેરિકાની દખલગીરીનો ઉગ્ર વિરોધ

તહેરાન, તા.૨૩



અમેરિકા પણ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં કૂદી પડ્યું અને ઈરાનના ત્રણ પરમાણુ એકમો પર હુમલો કર્યો. આ પછી, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ યુદ્ધ નવું સ્વરૂપ લઈ શકે છે કારણ કે રશિયા અને ચીને પણ અમેરિકાના હુમલાને ખોટો ગણાવ્યો છે અને તેની સખત નિંદા કરી છે. દરમિયાન, ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને 'જુગારી' ગણાવ્યા છે અને અમેરિકાને 'લક્ષિત કાર્યવાહી'ની ધમકી આપી છે. આઈઆરજીસીએ ચેતવણી આપી છે કે અમેરિકાએ સપ્તાહના અંતે તેના હુમલાઓનો જવાબ આપવો પડશે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના પ્રવક્તા ઈબ્રાહિમ ઝોલ્ફાઘરી કહે છે કે અમેરિકાએ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના આ યુદ્ધમાં સીધો પ્રવેશ કર્યો છે અને ઈરાનની "પવિત્ર ભૂમિ"નું ઉલ્લંઘન કર્યું છે. તેમણે કહ્યું કે અમેરિકાને હવે અત્યંત "શક્તિશાળી અને લક્ષિત કાર્યવાહી" દ્વારા "ભારે, ખેદજનક અને અણધાર્યા પરિણામો"નો સામનો કરવો પડશે.

દિલ્હીમાં હોટલ, સ્વિમિંગ પુલ, ઓડિટોરિયમ ખોલવા માટે પોલીસ પરવાનગીની જરૂર નહીં

નવીદિલ્હી,તા.૨૩

દિલ્હીમાં વ્યવસાય કરનારાઓ માટે મોટી રાહત છે. સરકારે નિર્ણય લીધો છે કે દિલ્હીમાં હોટલ, સ્વિમિંગ પુલ, ગેસ્ટ હાઉસ જેવા ૭ વ્યવસાયોને હવે દિલ્હી પોલીસની પરવાનગીની જરૂર રહેશે નહીં. આ વ્યવસાયો હવે મ્યુનિસિપલ સંસ્થાઓ અને સંબંધિત વિભાગોને સોંપવામાં આવ્યા છે. આ સાથે, લાઇસન્સ બનાવવાની પ્રક્રિયા વધુ સરળતાથી પૂર્ણ કરી શકાય છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ નિર્ણય પર કહ્યું છે કે રાજધાનીમાં વ્યવસાયિક પ્રવૃત્તિઓ સંબંધિત લાઇસન્સિંગ પ્રક્રિયામાં વ્યાપક સુધારા અમારી સરકારની દૂરંદેશી વિચારસરણી અને સકારાત્મક વહીવટી અભિગમનો પુરાવો છે. રેખા ગુપ્તાએ આ નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો અને પીએમ નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય સક્સેનાનો આભાર માન્યો હતો.

બિહાર ચૂંટણી પહેલા ઘરે-ઘરે જઈને મતદાર યાદીની ચકાસણી કરવામાં આવશે : ચૂંટણી પંચ

(એચ.એસ.એલ),પટણા,તા.૨૩



બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા, ચૂંટણી પંચે મતદાર યાદીને સંપૂર્ણપણે ન્યાયી અને ભૂલમુક્ત બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પંચે મતદાર યાદીના સુધારણા દરમિયાન ઘરે ઘરે જઈને સંપૂર્ણ ચકાસણી કરવાની યોજના બનાવી છે. આ માહિતી ચૂંટણી પંચ સાથે સંકળાયેલા સૂત્રો દ્વારા આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રક્રિયાનો હેતુ મતદાર યાદીમાં નામોનો સમાવેશ અથવા કાઢી નાખવામાં કોઈપણ પ્રકારની ભૂલ અથવા અનિયમિતતા અટકાવવાનો છે. કમિશન ઇચ્છે છે કે મતદાર યાદી સંપૂર્ણપણે અપડેટ, ચકાસાયેલ અને ન્યાયી હોય, જેથી આગામી વિધાનસભા ચૂંટણીઓ નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાઈ શકે. ચૂંટણી પંચનું આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ઘણા રાજકીય પક્ષો અને નાગરિક સંગઠનોએ મતદાર યાદીની વિશ્વસનીયતા અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિરોધ પક્ષો, ખાસ કરીને કોંગ્રેસ પાર્ટી સહિત, કમિશન પર ભારતીય જનતા પાર્ટીને ફાયદો પહોંચાડવા માટે મતદાર યાદીમાં ડેટામાં છેડછાડનો આરોપ લગાવ્યો છે.

છત્તીસગઢમાં રાશનની દુકાન પર અનાજ લેવા લોકોમાં પડાપડી, અનેક લોકો ઈજાગ્રસ્ત

(એચ.એસ.એલ),રાયપુર,તા.૨૩

છત્તીસગઢના ગારિયાબંદ જિલ્લામાં રાશનની દુકાન પર મોટો હોબાળો થયો, જ્યારે કલાકો સુધી રાહ જોઈ રહેલા લોકોએ પોતાની ધીરજ ગુમાવી અને બંધ ગેટ તોડી નાખ્યો. હકીકતમાં, છેલ્લા ત્રણ મહિનાથી લોકોને રાશનમાં એક દાણો પણ મળ્યો ન હતો. આવી સ્થિતિમાં, જ્યારે ત્રણ મહિના માટે રાશન વિતરણની માહિતી મળી, ત્યારે લોકોમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ, જેના કારણે ભાગદોડ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. રાશન માટે આ અંધાધૂંધીમાં ઘણી મહિલાઓ, વૃદ્ધો અને બાળકો જમીન પર પડી ગયા હતા. કેટલાકને નાની-મોટી ઈજાઓ પણ થઈ. પ્રત્યક્ષદર્શીઓ કહે છે કે આ ગેરવહીવટ ઘણા દિવસોથી ચાલી રહ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે સર્વર ફેલ્યોર, ફિંગરપ્રિન્ટ મિસમેચ અને ઓટીપી સમસ્યાઓ જેવી ટેકનિકલ ખામીઓએ પ્રક્રિયાને ગંભીર રીતે ધીમી કરી દીધી છે.

યુપીમાં વીજ વિતરણના ખાનગીકરણના પ્રસ્તાવ સામે જેલ ભરો આંદોલનની ચીમકી

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૩



ઉત્તર પ્રદેશમાં વીજળી વિતરણ વ્યવસ્થાનું ખાનગીકરણ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ માટે, રાજ્ય વીજળી નિયમનકારી આયોગે દક્ષિણાંચલ અને પૂર્વાંચલ વિદ્યુત વિતરણ નિગમના ખાનગીકરણના પ્રસ્તાવ પર તેની તપાસ શરૂ કરી દીધી છે, તેથી લોકો પણ તેની વિરુદ્ધ એકત્ર થવા લાગ્યા છે. રાજ્યમાં ખાનગીકરણના વિરોધમાં રવિવારે વીજળી મહાપંચાયત બોલાવવામાં આવી હતી, જેમાં રાજ્યભરમાં તેના વિરુદ્ધ જન આંદોલન અને જેલ ભરો આંદોલન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. યુપીના વિદ્યુત કર્મચારી સંયુક્ત સંઘર્ષ સમિતિના બેનર હેઠળ રવિવારે બોલાવવામાં આવેલી 'વીજળી મહાપંચાયત'માં આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો, જેમાં વીજળી કર્મચારી સંગઠનો, રેલ્વે ફેડરેશન, રાજ્ય કર્મચારી સંગઠનો, ખેડૂત જૂથો અને ગ્રાહક સંગઠનોના નેતાઓએ ખાનગીકરણ અંગેના પ્રસ્તાવિત પગલા સામે સંયુક્ત રીતે વિરોધ કરવાનો નિર્ણય લીધો હતો.

દેશના ૮ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરતું હવામાન વિભાગ

નવીદિલ્હી,તા.૨૩




હવામાન વિભાગે મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ સહિત દેશના આઠ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. તે જ સમયે, દિલ્હી માટે ઓરેન્જ એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. ચોમાસુ દેશના મોટાભાગના ભાગોમાં પહોંચી ગયું છે અને આગામી બે દિવસમાં તે સમગ્ર દેશમાં ફેલાઈ શકે છે. ભારે વરસાદને કારણે દેશમાં અનેક અકસ્માતો પણ થયા છે. યુપીના મુઝફ્ફરનગરમાં એક બાળક નાળામાં તણાઈ ગયું હતું. તે જ સમયે, બલિયામાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

હવામાન વિભાગે સોમવારે દિલ્હી માટે યલો એલર્ટ જારી કર્યું છે, જેમાં ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ અને ભારે પવનની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનના સરેરાશ કરતા ૧.૩ ડિગ્રી ઓછું છે. લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી સેલ્સિયસ હતું.

હિમાચલપ્રદેશમાં સરકારી શિક્ષકે ૨૪ વિદ્યાર્થિનીઓનું જાતિય શોષણ કરતા ધરપકડ

(એચ.એસ.એલ),શિમલા,તા.૨૩



હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લાની એક સરકારી શાળામાં ૨૪ વિદ્યાર્થિનીઓનું જાતીય શોષણનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ ઘૃણાસ્પદ કૃત્ય કરનાર વ્યક્તિ બીજું કોઈ નહીં પણ શાળાનો શિક્ષક છે. આરોપી શિક્ષકની ધરપકડ કરવામાં આવી છે.

આઠમાથી દસમા ધોરણની વિદ્યાર્થિનીઓએ શાળાના આચાર્યને ઉત્પીડન અંગે ફરિયાદ કરી હતી. આ પછી, શાળા પ્રશાસને પોલીસને જાણ કરી અને શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી. શાળા પ્રશાસને જણાવ્યું કે શુક્રવારે ૨૪ વિદ્યાર્થિનીઓએ આચાર્યને લેખિત ફરિયાદ આપી હતી. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે શિક્ષકે તેમને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. શાળા પ્રશાસને જણાવ્યું હતું કે ફરિયાદ શાળાની જાતીય સતામણી વિરોધી સમિતિને મોકલવામાં આવી હતી.


સમાજવાદી પાર્ટીએ ૩ બળવાખોર ધારાસભ્યોને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૩

સમાજવાદી પાર્ટીએ તેના ૩ બળવાખોર ધારાસભ્યોને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા છે. આ અંગેની માહિતી સમાજવાદી પાર્ટી દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આપવામાં આવી છે. સપા દ્વારા એવું પણ કહેવામાં આવ્યું છે કે આ લોકોને પાર્ટીની મૂળભૂત વિચારધારા વિરુદ્ધ જવા બદલ હાંકી કાઢવામાં આવ્યા છે. સપા દ્વારા એવું પણ કહેવામાં આવ્યું છે કે આ બધા ધારાસભ્યોને હૃદય પરિવર્તન માટે સમય આપવામાં આવ્યો હતો અને આ સમય પૂરો થતાં જ પાર્ટીમાંથી તેમનું સભ્યપદ સત્તાવાર રીતે સમાપ્ત કરવામાં આવ્યું છે. ગયા વર્ષે રાજ્યસભાની ચૂંટણી દરમિયાન સમાજવાદી પાર્ટીના ત્રણ ધારાસભ્યોએ ક્રોસ-વોટિંગ કર્યું હતું. ત્યારથી, ત્રણેય ધારાસભ્યો પાર્ટીથી અલગ થઈ ગયા હતા. ક્રોસ-વોટિંગ પછી, ત્રણેય ધારાસભ્યો ન તો સપાના કોઈ કાર્યક્રમમાં ગયા હતા.

નમો ભારત ટ્રેનનું સફળ પરીક્ષણ, ૧૬૦ કિમી પ્રતિ કલાકની કાર્યકારી ગતિએ દોડી

નવીદિલ્હી,તા.૨૩



નેશનલ કેપિટલ રિજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને આજે સોમવારે સરાય કાલે ખાનથી મોદીપુરમ સુધીના સમગ્ર રૂટ પર નમો ભારત ટ્રેનનો ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. નમો ભારત ટ્રેને દિલ્હીના સરાય કાલે ખાનથી મેરઠના મોદીપુરમ સુધીની ૮૨ કિમીની આખી મુસાફરી એક કલાકથી ઓછા સમયમાં પૂર્ણ કરી હતી. એનસીઆરટીસીએ જણાવ્યું હતું કે ટ્રાયલ રન દરમિયાન, મેરઠ મેટ્રો ટ્રેનો નમો ભારત ટ્રેનો સાથે દોડી રહી હતી અને સિસ્ટમે સારું પ્રદર્શન કર્યું હતું. ટ્રાયલ રન દરમિયાન, ટ્રેનો સરાય કાલે ખાનથી મોદીપુરમ સુધીના દરેક સ્ટેશન પર રોકાઈ હતી અને એનસીઆરટીસી દ્વારા નિર્ધારિત સમયપત્રકનું પાલન કરીને એક કલાકથી ઓછા સમયમાં સમગ્ર અંતર કાપ્યું હતું.

સીરિયાની રાજધાની દમાસ્કસના ચર્ચમાં આત્મઘાતી હુમલો, ૨૨ લોકોના થયા મોત

આતંકવાદીએ ગોળીબાર કર્યા પછી પોતાની જાતને ઉડાવી દીધી

દમાસ્કસ,તા.૨૩



રવિવારે રાત્રે સીરિયાની રાજધાની દમાસ્કસમાં થયેલા ભયાનક આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ૨૨ લોકો માર્યા ગયા અને ૬૩ ઘાયલ થયા હતા. આ હુમલો ગ્રીક ઓર્થોડોક્સ સેન્ટ એલિયાસ ચર્ચમાં ત્યારે થયો જ્યારે ડઝનબંધ લોકો પ્રાર્થનામાં ભાગ લઈ રહ્યા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે ઈસ્લામિક સ્ટેટ (ISIS) સાથે જોડાયેલા એક આતંકવાદીએ ચર્ચમાં ઘૂસીને પહેલા ગોળીબાર કર્યો અને પછી પોતાને ઉડાવી દીધો. આ હુમલો ભારતીય સમય મુજબ રવિવારે રાત્રે થયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, હુમલાખોર સાથે બીજો એક બંદૂકધારી પણ હતો, જેણે ભીડ પર ગોળીબાર કર્યો હતો પરંતુ બોમ્બ વિસ્ફોટ કર્યો ન હતો. તે સમયે ચર્ચમાં લગભગ ૧૫૦ થી ૩૫૦ લોકો હાજર હતા. વિસ્ફોટને કારણે અંદરની બેન્ચ તૂટી ગઈ હતી. સીરિયન સુરક્ષા દળો હુમલાની તપાસ કરી રહ્યા છે અને ચર્ચ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો.

અમેરિકાએ પરમાણુ સ્થળો પર હુમલો કરતા ઈરાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝને બંધ કરે તેવી સંભાવના

તહેરાન,તા.૨૩




ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વધુ ભીષણ બન્યું છે. ઈરાન પર અમેરિકાની એર સ્ટ્રાઈક બાદ તણાવ વધુ ચરમસીમા પર પહોંચી ગયો છે. ત્યારે હવે આ વચ્ચે એવી અટકળોએ જોર પકડ્યું છે કે, ઈરાન પોતાના નિયંત્રણ હેઠળના સ્ટ્રેટ ઓફ હોર્મુઝને બંધ કરી શકે છે અને તેની તરફથી સતત આ ધમકીઓ આપવામાં આવી રહી છે, જે સમગ્ર વિશ્વ માટે મોટો ઝટકો છે. પરંતુ આ અંગે યુએસ પેન્ટાગોનના એક પૂર્વ અધિકારીએ મોટો દાવો કર્યો છે અને કહ્યું છે કે, 'આ ઈરાન માટે આત્મઘાતી પગલું સાબિત થશે અને ખાસ કરીને ચીન ઈરાનને હોર્મુઝ બંધ કરવા નહીં દે.'

એક અહેવાલ પ્રમાણે ભલે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની ધમકી આપી રહ્યું હોય, પરંતુ પેન્ટાગોનના પૂર્વ અધિકારી માઈકલ રુબિનનું કહેવું છે કે આ પગલું આત્મઘાતી હશે અને વોશિંગ્ટનથી લઈને બેઇજિંગ સુધી દરેક વ્યક્તિ આ સારી રીતે જાણે છે. વાસ્તવમાં ઈરાનના ત્રણ પરમાણુ ઠેકાણાઓ પર અમેરિકા-ઈઝરાયલની એર સ્ટ્રાઈક બાદ તણાવ વધવાની સાથે જ તેહરાને એક મોટી ચેતવણી જારી કરી છે, જેના હેઠળ હોર્મુઝ સ્ટ્રેટ થોડા જ કલાકોમાં બંધ કરવામાં આવી શકે છે.

અમરેલી જિલ્લાના ધાતરવડી, સુરજવડી સહિત રાજ્યના ૧૦ ડેમ ૧૦૦% ભરાયા

ગાંધીનગર,તા.૨૩

ચાલુ વર્ષે ગુજરાતના મોટા ભાગના વિસ્તારમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થઈ ગયું છે ત્યારે રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે અમરેલી જિલ્લાના ધાતરવડી અને સુરજવડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામગનર જિલ્લાના વાઘડીયા, કચ્છના કલાઘોઘા, ભાવનગરના રોજકી તથા બગડ



અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાયા છે જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૪૫.૦૧ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૦.૧૫ ટકા પાણી સંગ્રહાયેલુ છે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૨૩ જૂન ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૩૮.૨૬ ટકા જળસંગ્રહ હતો. આ વચ્ચે પાણી ભરાતા એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

જન્માષ્ટમી પૂર્વે વિસાવદરમાં 'જય ગોપાલ', કડીમાં ભાજપની ભવ્ય જીત

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં કડી અને વિસાવદરની પેટાચૂંટણીનું પરિણામ હવે આવી ગયું છે. ભાજપના હાથમાં ફરીથી વિસાવદર નથી આવ્યું, અહી હજી ભાજપનો વનવાસ ચાલુ રહેશે. વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાની ૧૭૫૮૧ મતની જંગી લીડ સાથે જીત થઈ છે. તો કડીમાં ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડા ૩૮૯૦૪ મતની રેકોર્ડબ્રેક લીડ સાથે જીતી ગયા





છે. પરંતુ આખા ખેલમાં ગોપાલ ઈટાલિયા મેન ઓફ ધી મેચ બન્યા છે. વિસાવદર વિધાનસભા બેઠક પર ગોપાલ ઈટાલિયાની ભવ્ય જીત થઈ છે. આપના ગોપાલ ઈટાલિયાએ ભાજપના ઉમેદવાર કિરીટ પટેલને હરાવ્યા છે. ગોપાલ ઈટાલિયાની જીતથી ગુજરાતમાં આમ આદમી પાર્ટી ફરીથી સજીવન થઈ છે. વિસાવદરમાં આમ આદમી પાર્ટીએ જીત હાંસલ કરતાં આપના કાર્યકરોએ ઉજવણી કરી હતી. વિસાવદરની હારને સરકારે સ્વીકારી લીધી છે. પેટાચૂંટણીના પરિણામો ઉપર રાજ્ય સરકારના મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, વિસાવદરમાં હારનું વિશ્લેષણ કરવામાં આવશે અને વિસાવદરની પ્રજા પુનઃ ભાજપ સાથે જોડાય એ રીતનો પ્રયત્ન કરાશે. ઋષિકેશ પટેલે કહ્યું કે, કડીની જીત એ જનતાની જીત છે.

વડોદરામાં આવેલી નવરચના સ્કૂલને ફરી મળી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

વડોદરા,તા.૨૩

વડોદરાના સમા વિસ્તારમાં આવેલી નવરચના સ્કૂલમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. વિદ્યાર્થીઓને શાળાની બહાર સુરક્ષિત સ્થાને લઈ જવામાં આવ્યા હતા. ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડની ટીમ અને પોલીસ વિભાગના અન્ય ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ૨૪ જાન્યુઆરીએ નવરચના સ્કૂલનાં આચાર્યને ધમકીભર્યો ઈમેલ મળતાં અફરાતફરી મચી ગઈ



હતી. બોમ્બ સ્કવોડની ટીમ, ડોગ સ્કવોડ, પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. બાળકોને શાળામાંથી રજા આપી દેવાઈ હતી. જોકે, સઘન તપાસ બાદ પણ કંઈ ન મળતા તંત્ર, પોલીસને હાશકારો થયો હતો.

ગુજરાત યુનિ.માં ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓના પરિણામ તો જાહેર થયા પણ માર્કશીટનો પત્તો નથી

અમદાવાદ,તા.૨૩

છાશવારે વિવાદોમાં રહેતી રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટી ફરી વિવાદમાં છે. પોતાને ત્યાં ગ્રેજ્યુએશન પૂર્ણ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ હવે માર્કશીટની રાહ જોઈને બેઠા છે, પરંતુ પરિણામ જાહેર થયાને ૨૫ દિવસ વિત્યા છતાં માર્કશીટ હાથમાં નથી આવી. માર્કશીટની આ માથાકૂટને લીધે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના ધરમધક્કા થઈ રહ્યા છે. ગત માર્ચ માસમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીએ, બીકોમ, બીબીએ, બીસીએ સહિત ગ્રેજ્યુએશન માટે પરીક્ષા લેવાઈ હતી. જેનું પરિણામ તો યુનિવર્સિટી દ્વારા જાહેર કરી દેવાયું પરંતુ જ્યારે એ પરિણામની માર્કશીટ આપવાની વાત આવી ત્યારે યુનિવર્સિટી તંત્ર બેજવાબદાર બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. જેના કારણે ગુજરાત યુનિવર્સિટીના અંદાજે ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા પણ માર્કશીટનો કોઈ પત્તો નહીં લાગતા વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે વિદ્યાર્થી નેતા અને એનએસયુઆઈના આગેવાન ભાવિન સોલંકીએ આક્ષેપ કર્યો છે કે બીએ સેમિસ્ટર ૬ના ૧૧૩૦૯ વિદ્યાર્થીઓનું ૨૯ મેના રોજ પરિણામ જાહેર થયું પણ વિદ્યાર્થીઓને માર્કશીટ મળી નથી. ૨૧૮૦૪ વિદ્યાર્થીઓના બીકોમ સેમિસ્ટર ૬નું પરિણામ ૨૭ મેના રોજ જાહેર થયું પણ વિદ્યાર્થીઓને માર્કશીટ મળી નથી, બીએસસી સેમિસ્ટર ૬નું પરિણામ ૨૭ મેના રોજ પરિણામ જાહેર થયું, ૨૫૬૩ વિદ્યાર્થીઓને માર્કશીટ નથી મળી.

કડી-વિસાવદરમાં કોંગ્રેસની હાર બદલ શક્તિસિંહ ગોહિલનું રાજીનામું

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં સોમવારે વિધાનસભાની બે બેઠકો પર પેટાચૂંટણીના પરિણામ જાહેર થયા છે. કોંગ્રેસને બેમાંથી એકેય બેઠક પર સફળતા ન મળતા શક્તિસિંહ ગોહિલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું છે. કોંગ્રેસ પક્ષ નવા પ્રદેશ પ્રમુખની નિયુક્તિ કરે ત્યાં સુધી હાલ પૂરતી જવાબદારી દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારને સોંપવામાં આવી છે. શક્તિસિંહ ગોહિલે રાજીનામા બાદ કહ્યું છે




કે, 'હું કોંગ્રેસ પાર્ટીનો સિપાહી છું, આજે કડી અને વિસાવદરમાં અમને સફળતા નથી મળી. પેટાચૂંટણીમાં પરાજયની નૈતિક જવાબદારી સ્વીકારી મેં ગણતરીના કલાકોમાં જ કોંગ્રેસ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું છે. હું હંમેશા કોંગ્રેસના કાર્યકર તરીકે કામ કરતો રહીશ.'

અમદાવાદ સહિત ૧૧ સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતી યુવતીની ધરપકડ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તમિલનાડુની યુવતીને પકડી

અમદાવાદ, તા.૨૩

ગુજરાત અને દેશના ૧૧ રાજ્યોના વિવિધ સ્થળોને બોમ્બ બ્લાસ્ટની ધમકીના મેઈલ મોકલીને આતંક મચાવનારી એક રહસ્યમય યુવતીની આખરે ધરપકડ કરાઈ છે. ચેન્નઈની રહેવાસી અને રોબોટિક્સની ડિગ્રી ધરાવતી રેની જોસિલ્ડા નામની આ યુવતીએ અમદાવાદ શહેરને કુલ ૨૧ ધમકીભર્યા મેઈલ મોકલ્યા હતા. જોકે, એક નાનકડી ભૂલ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સાયબર ક્રાઈમની છ મહિનાની સઘન મહેનત બાદ આ યુવતી પોલીસના હાથે ચેન્નઈમાંથી



ઝડપાઈ છે. રેની જોસિલ્ડાએ દેશના વિવિધ ૧૧ રાજ્યોમાં શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, અને પબ્લિક સ્ટેડિયમમાં બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ ઈમેઈલથી આપી હતી. આરોપી રેની જોસિલ્ડાએ છેલ્લે મેઈલ સિવિલ હોસ્પિટલને કર્યો હતો, જેમાં તેણે અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશની જવાબદારી લીધી હતી. આ મેઈલ બાદ પોલીસ વધુ સક્રિય બની અને તપાસનો ધમધમાટ તેજ બન્યો હતો.

પ્રાંતિજ નજીક ખાનગી બસ-ટ્રક વચ્ચે અકસ્માત : ત્રણ મુસાફરોના મોત

પ્રાંતિજ,તા.૨૩

ગુજરાતમાં રોડ અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ નજીક સોમવારે (૨૩મી જૂન) સવારે ખાનગી બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ત્રણ મુસાફરનાં મોત થયાં અને સાત લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ



ઘટનાની જાણ પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચીને ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા. મળતી માહિતી અનુસાર, મુંબઈથી રાજસ્થાન જતી ખાનગી બસને અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર કાટવાડ નજીક અકસ્માત નડ્યો હતો. આ ખાનગી બસ ધડાકાભેર ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, ખાનગી બસની ડાબી સાઈડ ચિરાઈ ગઈ હતી. જેના કારણે બસના પતરા કાપીને એક મહિલા અને બે પુરુષ સહિત ત્રણનાં મૃતદેહ બહાર કાઢવામાં આવ્યાં હતા.

અમદાવાદ પ્લેન ક્રેશના પાર્ટ્સ હવે વિદેશ મોકલવામાં આવશે નહીં

અમદાવાદ,તા.૨૩

ગઈ ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ બપોરના ૧.૪૦ વાગ્યે બનેલી અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ હવે તપાસ એજન્સીઓ દ્વારા નાનામાં નાની કડી તપાસવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એમાં પણ જ્યારે પ્લેન ક્રેશની વાત આવે ત્યારે એના નિયમ પ્રમાણે પ્લેનના પાર્ટ્સ એકત્ર કરીને એને રિસ્ટ્રક્ચર કરવામાં



આવે છે અને પહેલાં એવી વાત હતી કે પ્લેનના પાર્ટ્સને વિદેશ મોકલાશે, પરંતુ હવે વિમાનના બચી ગયેલા પાર્ટ્સને ગુજસેલ ખાતે સાચવવામાં આવી રહ્યા છે. ક્રેશ સાઈટથી અલગ અલગ માધ્યમો દ્વારા પાર્ટ્સને પોલીસ એસ્કોર્ટ સાથે ગુજસેલ (ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિ.) પહોંચાડવામાં આવી રહ્યા છે. જ્યાં પ્લેનને નિયમ પ્રમાણે રિસ્ટ્રક્ચર એટલે જે પ્લેનનો કાટમાળ વધ્યો છે એને પ્લેનના સ્ટ્રક્ચર પ્રમાણે ગોઠવવામાં આવશે.

ગુજરાત વહીવટી સુધારણા પંચનો ત્રીજો અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરાયો

ગાંધીનગર,તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા વિકસિત ભારત- ૨૦૪૭ના સંકલ્પમાં વિકસિત ગુજરાત - ૨૦૪૭ને અગ્રેસર રાખવાના ધ્યેયથી રાજ્ય શાસનના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિમાં જરૂરી ફેરફાર માટે ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરેલી છે. જીએઆરસી અધ્યક્ષ અને મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢીયાના દિશાદર્શનમાં ૧૦ જેટલી ભલામણો સાથે તૈયાર કરવામાં આવેલો ત્રીજો ભલામણ અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પંચના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢીયાએ સુપ્રત કર્યો હતો. જીએઆરસીની રચના માટે આ વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાતના ગણતરીના દિવસોમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિઓમાં ફેરફારો કરવા માટે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢીયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરી છે.

દહેગામ-રખિયાલ રોડ પર અકસ્માતમાં બે મિત્રોના કરૂણ મોત

દહેગામ,તા.૨૩

દહેગામ-રખિયાલ રોડ પર શિવગંગા કોલ્ડ સ્ટોરેજ નજીક બબલપુરા ગામની સીમમાં એક અકસ્માત સર્જાયો છે. આકાશ નરેન્દ્રસિંહ પરમાર અને દિપક ધનજીભાઈ રાઠોડ નામના બે યુવકોનું મોત નિપજ્યું છે. બંને મિત્રો બપોરે દહેગામ ગયા હતા. સાંજે પાંચ વાગ્યાના સુમારે તેઓ બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. શિવગંગા



કોલ્ડ સ્ટોરેજ પાસે એક ટ્રક ચાલકે બેદરકારીથી ડિવાઈડર પરથી રોડ ક્રોસ કરતા તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં બંને યુવકોને માથાના ભાગે ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. ફરજ પરના ડૉક્ટરે બંનેને મૃત જાહેર કર્યા હતા.





